સુવિચાર

આંખો બંધ કરવાથી મુસીબત જતી નથી, અને મુસીબત આવ્યા વિના આંખ ખુલતી નથી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



સોહમનગરના યુવકનું અપહરણ કરી લૂંટ ચલાવી પિતા પાસે ૪૦ લાખની ખંડણી માંગનાર બેલડી ઝડપાઇ P-4

Year-16, Issue-115 ■ DATE : 23-08-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઉતરાખંડના થરાલીમાં વાદળ ફાટતા તબાહીનું તાંડવ

## વાદળ ફાટવાની ઘટનાઓ બંધ થવાનું નામ લેતી નથીઃ કાટમાળ અનેક ઘરોમાં ધુસ્યાઃ પોલીસ, પ્રસાશન અને એસડીઆરએફની ટીમ ઘટના સ્થળેઃ અનેક લોકો લાપત્તા



**મુખ્ય સમાચાર, દહેરાદુન**

ઉત્તરાખંડમાં આફતો અટકવાનું નામ નથી લઈ રહી. વાદળ ફાટવાથી થયેલા વિનાશથી ભયનો માહોલ છે. દેવભૂમિમાં ઉત્તરકાશીના ધારાલી, હર્ષિલ, સુખી ટોપ અને સ્યાનચટ્ટી પછી, હવે ચમોલીના થરાલીમાં આવેલી કુદરતી આફતે લોકોને ગભરાટમાં મુકી દીધા છે. થરાલી તાલુકા હેઠળના ટૂનરી ગડેરામાં વાદળ ફાટવાના સમાચાર છે. વાદળ ફાટવાના કારણે થરાલી બજારમાં વિનાશ જોવા મળી રહ્યો છે. ધારાલી પછી, હવે ચમોલીના થરાલીમાં વાદળ ફાટવાના કારણે લોકો ગભરાટમાં છે. ઘટનામાં એક વ્યક્તિ કાટમાળ નીચે દટાઈ ગઈ હોવાની પણ માહિતી છે. પોલીસ અને વહીવટીતંત્રની ટીમ રાહત અને બચાવ કામગીરીમાં લાગી ગઈ છે.ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના થરાલી વિસ્તારમાં શુક્રવારે મધ્યરાત્રિ પછી વાદળ ફાટવાની ઘટનામાં ભારે વિનાશ થયો હતો. આ ઘટનાને કારણે થરાલી શહેર, આસપાસના ગામડાઓ અને બજારોમાં જનજીવન ખોરવાઈ ગયું હતું. ભારે વરસાદ અને કાટમાળને કારણે ઘણા ઘરો, દુકાનો અને રસ્તાઓને નુકસાન થયું છે. વહીવટીતંત્ર અને SDRF ટીમો રાહત અને બચાવ કાર્યમાં લાગી છે.

વાદળ ફાટવાની સૌથી વધુ અસર થરાલી બજાર, કોટદીપ અને તહસીલ પરિસરમાં જોવા મળી હતી. અહીં કાટમાળ તહસીલ પરિસર, નિવાસસ્થાન અને ઘણા ઘરોમાં ઘૂસી ગયો. તહસીલ પરિસરમાં પાર્ક કરેલા ઘણા વાહનો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. શહેરના રસ્તાઓ એટલા કાટમાળથી ભરાઈ ગયા હતા કે તે તળાવ જેવા દેખાવા લાગ્યા હતા. નજીકના સાગવારા ગામમાં કાટમાળ નીચે દટાઈ જવાથી એક નાની છોકરીનું મોત થયું હતું.

આ ઘટનાથી વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો અને લોકો ઘરોમાંથી બહાર નીકળી આવ્યા હતા. પોલીસ અને વહીવટીતંત્રની ટીમો તાત્કાલિક રાહત કાર્ય માટે ગામમાં પહોંચી હતી. ચેપ્ડોન બજારમાં કાટમાળને કારણે ઘણી દુકાનોને નુકસાન થયું હતું. ઉપરાંત, એક વ્યક્તિ ગુમ થયાના અહેવાલ છે, જેના કારણે સ્થાનિક લોકોની ચિંતા વધી ગઈ છે.

ભારે વરસાદ અને કાટમાળને કારણે, મિંગગાડેરા નજીક થરાલી-ગ્વાલડમ રોડ બંધ થઈ ગયો છે. આ ઉપરાંત, થરાલી-સગવારા રોડ પણ બ્લોક થઈ ગયો છે. આ બે માર્ગો બંધ થવાને કારણે, વિસ્તારમાં અવરજવર ઠપ્પ થઈ ગઈ છે અને લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ગૌચરથી રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. વહીવટીતંત્રે રાહત અને બચાવ કામગીરી ઝડપી બનાવવા સૂચનાઓ આપી છે. બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશનની ટીમ મિંગગડેરા નજીકનો રસ્તો ખોલવાનો પ્રયાસ કરી રહી છે, જેથી ટ્રાફિક અને રાહત કાર્ય જલ્દી સુગમ થઈ શકે.

સુરક્ષાને ધ્યાનમાં રાખીને, જિલ્લા વહીવટીતંત્રે શનિવાર (૨૩ ઓગસ્ટ ૨૦૨૫) માટે થરાલી તહસીલની તમામ શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ આપ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. સંદીપ તિવારીએ જણાવ્યું હતું કે પોલીસ અને વહીવટીતંત્રની ટીમો સતત સ્થળ પર હાજર છે અને રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલી છે.

ઉત્તરાખંડમાં આ ચોમાસા દરમિયાન, વાદળ ફાટવાની ઘણી મોટી ઘટનાઓએ ભારે વિનાશ સર્જ્યો છે. સૌથી ગંભીર ઘટના ૫ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ ઉત્તરકાશીના ધારાલી અને હર્ષીલાલ વિસ્તારોમાં બની હતી. ઉત્તરકાશીમાં વાદળ ફાટવાના કારણે આવેલા પૂરમાં ધારાલી અને હર્ષીલ વિસ્તારોમાં ભારે તબાહી મચી ગઈ હતી.

ઘણા ઘરો, હોટલો અને માળખાગત સુવિધાઓ ધોવાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા હતા, જ્યારે ડઝનબંધ લોકો ગુમ થયા હતા. સુખી અને બાગોરી સહિતના ઘણા ગામો પ્રભાવિત થયા હતા, જ્યાં ઘરો અને ખેતીની મિલકતોને ભારે નુકસાન થયું હતું. રુદ્રપ્રયાગમાં, જુલાઈના અંતમાં કેદારઘાટી વિસ્તારમાં વાદળ ફાટવાના કારણે આવેલા પૂરે અહીં પણ ભારે વિનાશ વેર્યો હતો. ઘણા ઘરો અને વાહનો કાટમાળ નીચે દટાઈ ગયા હતા અને નદીઓ પૂરમાં હતી.

# દેશના ૧૨ મુખ્યમંત્રીઓ પર ફોજદારી કેસ



रेवंत रेड्डी
कांग्रेस, तेलंगाना
89



एमके स्टालिन
DMK, तमिलनाडु
47



चंद्रबाबू नायडू
TDP, आंध्र प्रदेश
19

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના 30 વર્તમાન મુખ્યમંત્રીઓમાંથી, ૧૨ એ તેમની સામે ફોજદારી કેસોની માહિતી આપી છે. આ આંકડો કુલના લગભગ ૪૦ ટકા છે. ચૂંટણી સુધારા સાથે સંકળાયેલી સંસ્થા એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) ના તાજેતરના અહેવાલમાં આ ખુલાસો કરવામાં આવ્યો છે. ADR દ્વારા બહાર પાડવામાં આવેલ આ અહેવાલ મુખ્યમંત્રીઓના સોગંદનામાનું વિશ્લેષણ કરે છે, જેમાં તેમના દ્વારા જાહેર કરાયેલા ફોજદારી કેસોની વિગતો શામેલ છે. આ અહેવાલ ફરી એકવાર રાજકીય ક્ષેત્રમાં ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા નેતાઓની હાજરી પર પ્રશ્નો ઉભા કરી રહ્યો છે.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) ના અહેવાલ મુજબ, દેશમાં ગુનાહિત છબી ધરાવતા મુખ્યમંત્રીઓની યાદીમાં તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી સામે સૌથી વધુ ફોજદારી કેસ નોંધાયેલા છે. તેમની સામે કુલ ૮૯ કેસ નોંધાયેલા છે, જે દેશના અન્ય કોઈપણ મુખ્યમંત્રી કરતા વધુ છે. આ યાદીમાં તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન બીજા સ્થાને છે, જેમની સામે ૪૭ કેસ નોંધાયેલા છે. તે જ સમયે, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ ત્રીજા નંબરે છે, જેમની સામે ૧૯ કેસ નોંધાયેલા છે.

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે ૧૩ ફોજદારી કેસ નોંધાયેલા છે અને ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન સામે ૫ ફોજદારી કેસ નોંધાયેલા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહે ૪-૪ કેસ જાહેર કર્યા છે, જ્યારે કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન સામે ૨ કેસ નોંધાયેલા છે અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સામે ૧ કેસ નોંધાયેલ છે.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) ના તાજેતરના અહેવાલ મુજબ, દેશના 30 મુખ્યમંત્રીઓમાંથી, ૧૦ એટલે કે લગભગ ૩૩ ટકા મુખ્યમંત્રીઓએ પોતાની સામે ગંભીર ફોજદારી કેસ જાહેર કર્યા છે. આમાં હત્યાનો પ્રયાસ, અપહરણ, લાંચ અને ગુનાહિત ધાકધમકી જેવા ગંભીર આરોપો શામેલ છે. આ ખુલાસો રાજકારણમાં ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા નેતાઓની વધતી સંખ્યા પર ગંભીર ચિંતા ઉભી કરે છે.

સરકારના નવા બિલમાં, ધરપકડના 30 દિવસ પછી રાજીનામું આપવું પડશે. આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે કેન્દ્ર સરકારે ૩ નવા બિલ રજૂ કર્યા છે, જેમાં એવી જોગવાઈ છે કે જો વડા પ્રધાન, મુખ્યમંત્રી અથવા મંત્રીને ગંભીર ગુનાહિત કેસમાં 30 દિવસ માટે ધરપકડ કરવામાં આવે છે, તો તેમને તેમના પદ પરથી દૂર કરી શકાય છે. નો આ રિપોર્ટ એ પણ પ્રકાશ પાડે છે કે દેશના ટોચના નેતૃત્વમાં પણ ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા લોકો કેવી રીતે હાજર છે. આ પરિસ્થિતિ લોકશાહીની પારદર્શિતા પર પ્રશ્નો ઉભા કરે છે, પરંતુ શાસન વ્યવસ્થાની વિશ્વસનીયતાને પણ અસર કરે છે.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) એ તેના રિપોર્ટમાં મુખ્યમંત્રીઓની ગુનાહિત પૃષ્ઠભૂમિ પર રિપોર્ટ કેવી રીતે તૈયાર કર્યો છે. તો ચાલો તમને જણાવી દઈએ કે ADR એ આ વિશ્લેષણ છેલ્લી વિધાનસભા ચૂંટણી દરમિયાન મુખ્યમંત્રીઓ દ્વારા દાખલ કરાયેલા સોગંદનામાના આધારે કર્યું છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કુલ 30 માંથી ૧૨ મુખ્યમંત્રીઓ (૪0%) એ કોઈને કોઈ ગુનાહિત કેસમાં આરોપી જાહેર કર્યા છે. આમાં હત્યાનો પ્રયાસ, અપહરણ, લાંચ અને ગુનાહિત ધાકધમકી જેવા ગંભીર આરોપોનો સમાવેશ થાય છે.

# આગામી તા.૩ના જીએસટી કાઉન્સીલની બેઠકઃ દર ઘટાડાને અપાશે લીલીઝંડી

## ૫-૧૮% સ્લેબનું નવું જીએસટી માળખુઃ ઉપયોગી અને સુવિધાના ઉત્પાદનો પરનાં ટેક્સ ઘટાડવાના નિર્ણયની તૈયારી, દિવાળી પુર્વે જ દેશને મોટી ભેટ મળશે




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષમાં સ્લેબ ઘટાડવા અને ખાસ કરીને આવશ્યક- ખાદ્ય રોજબરોજના વપરાશની આઈટમ સસ્તી થશે તેવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલી જાહેરાત અને તેના બાદમાં નાણા મંત્રાલય દ્વારા શ્રેણીબદ્ધ બેઠકો બાદ ગઈકાલે જ ગ્રુપ ઓફ મીનીસ્ટરની બેઠકમાં પણ ૧૨ અને ૨૮%ના સ્લેબને નાબૂદ કરવા આપેલી સંમતી બાદ હવે તેના અમલનો તખ્તો ગોઠવાઈ ગયો છે.

આગામી તા.૩-૪ સપ્ટેમ્બરમાં જીએસટી કાઉન્સીલની બેઠક મળનાર છે. જેમાં આ સુધારા ઉપરાંત ખાસ કરીને નાબૂદ થનારા ૧૨ અને ૨૮%ના સ્લેબની આઈટમો હવે કયા સ્લેબમાં સમાવવી તે નિર્ણય લેવાશે.

આ અગાઉ કાઉન્સીલના અધિકારીઓની બેઠક તા.૨ સપ્ટેમ્બરના મળશે. જે સમગ્ર પસ્તાળની બ્લુપ્રિન્ટ તૈયાર કરશે અને તે બીજા દિવસે કાઉન્સીલ સમક્ષ રજુ થશે. આ બેઠક માટે કાઉન્સીલના તમામ સભ્યોને ખાસ હાજર રહેવા આમંત્રણ અપાયું છે અને એક વખત કાઉન્સીલ તેના નિર્ણયોને મંજુરીની મહોર લગાવે તે બાદ તેના અમલની તૈયારીઓ શરૂ થશે.

માનવામાં આવે છે કે તા.૧ ઓકટોબરથી આ નવા દરો- નિયમો અમલી બની જશે. જેનાથી દેશમાં બે દરોનું નવું જીએસટી માળખુ અમલમાં આવશે. જે ૫% અને ૧૮% હશે. જયારે અલ્ટ્રા લકઝરી- શરાબ વિ. જે સીન ગુડસ છે તેના માટે ૪૦%નો નવો સ્લેબ આવશે.

આ બેઠકમાં ૧ જાન્યુ. ૨૦૨૬થી સેસ નાબુદીને પણ મંજુરીની મહોર લાગી જાય તો આશ્ચર્ય થશે નહી. જો કે તે એક વહીવટી નિર્ણય હશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દિવાળીમાં જીએસટી દરમાં ઘટાડાની ભેટ આપવા જાહેરાત કરી છે તેનો અમલ શરૂ થશે.

# ૧૭૦૦૦ કરોડના બેન્ક ફ્રોડ કેસમાં અનિલ અંબાણીને ત્યાં સીબીઆઈના દરોડા



**મુખ્ય સમાચાર, મુંબઇ**

૧૭૦૦૦ કરોડ રૂપિયાના લોન કૌભાંડ અને બેન્ક ફ્રોડમાં ફસાયેલા જાણીતા ઉદ્યોગપતિ અનિલ અંબાણીને ત્યાં હવે ઈડી બાદ સીબીઆઇએ દરોડાની કાર્યવાહી કરી છે. હાલમાં પરિસરમાં તપાસ ચાલી રહી હોવાના અહેવાલ છે. માહિતી અનુસાર સીબીઆઈની ટીમ સવારના સાત વાગ્યાથી તેમના વિવિધ પરિસરમાં તપાસ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે રિલાયન્સ કમ્યુનિકેશન પર સીબીઆઈએ પણ સકંજો કસવાનું શરૂ કર્યું છે. એસબીઆઈ પાસેથી ૨૦૦૦ કરોડ રૂપિયાની લોન લઈને ફ્રોડ કરવા મામલે પણ તેમની સામે કેસ દાખલ છે. મુંબઈમાં આરકોમ અને અનિલ અંબાણી સાથે સંકળાયેલા જુદા જુદા ઠેકાણાએ હાલ કાર્યવાહી ચાલી રહી છે. ૧૩ જૂન ૨૦૨૫ના રોજ એસબીઆઈએ અનિલ અંબાણી સંબંધિત ખાતાને ફ્રોડ જાહેર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)એ રિલાયન્સ કોમ્યુનિકેશન્સ અને તેના ભૂતપૂર્વ પ્રમોટર ડિરેક્ટર અનિલ અંબાણીને 'ફ્રોડ' જાહેર કર્યા છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ૧૩ જૂન, ૨૦૨૫ના રોજ, એસબીઆઈએ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના છેતરપિંડી જોખમ વ્યવસ્થાપન માર્ગદર્શિકા અને તેની આંતરિક નીતિ હેઠળ આ સંસ્થાઓને ફ્રોડ જાહેર કરી છે. આ પછી ૨૪ જૂન, ૨૦૨૫ના રોજ, બેંકે રિઝર્વ બેંકને આ અંગે વિગતવાર માહિતી આપી હતી અને હવે સીબીઆઈ પાસે આ મામલે ફરિયાદ નોંધાવાઈ હતી.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું રિલાયન્સ કોમ્યુનિકેશન્સ પર મસમોટું દેવું છે. બેંકના જણાવ્યા અનુસાર, કંપની પર ઓગસ્ટ ૨૦૧૬થી આજ સુધી રૂ. ૨૨૨૭.૬૪ કરોડનું ફંડ-આધારિત લોન બાકી છે, જેમાં વ્યાજ અને અન્ય સંબંધિત ખર્ચનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કંપનીના નામે રૂ. ૭૮૬.૫૨ કરોડની નોન-ફંડ આધારિત બેંક ગેરંટી પણ જારી કરવામાં આવી હતી. એસબીઆઈના ક્રેડિટ એક્સપોઝરનો સરવાળો કરવામાં આવે તો કુલ આંકડો ખૂબ મોટો થઈ શકે છે અને તેથી જ હવે તેને ફરી છેતરપિંડી તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની છેતરપિંડી ઓળખ સમિતિએ તેની તપાસમાં શોધી કાઢ્યું હતું કે રિલાયન્સ કોમ્યુનિકેશન્સે લોનનો દુરુપયોગ કર્યો હતો એટલે કે લોનના પૈસા જે હેતુ માટે લેવામાં આવ્યા હતા તે હેતુ માટે ખર્ચવામાં આવ્યા નથી. બેંકે અગાઉ ડિસેમ્બર ૨૦૨૩, માર્ચ ૨૦૨૪ અને સપ્ટેમ્બર ૨૦૨૪ માં આરકોમ અને અનિલ અંબાણીને કારણદર્શક નોટિસ મોકલી હતી પરંતુ કંપની આ આરોપોનો સંતોષકારક જવાબ આપી શકી ન હતી. બેંકનું કહેવું છે કે લોનની શરતોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું અને ખાતાઓમાં અનિયમિતતાઓ મળી આવી હતી.

# ઓનલાઇન ગેમિંગ પ્રતિબંધ બિલને રાષ્ટ્રપતિ મૂર્મુએ આપી મંજૂરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઓનલાઈન મની ગેમિંગ પર પ્રતિબંધ મૂકતા બિલને સંસદની મંજૂરી બાદ હવે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ એ પણ લીલીઝંડી આપી દીધી છે, જેના પછી હવે તે કાયદો બની ગયો છે. આ કાયદા હેઠળ બધી ઓનલાઈન મની ગેમિંગ સેવાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવશે અને આવી રમતો પૂરી પાડનારાઓને ત્રણ વર્ષ સુધીની જેલ અને એક કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે.જણાવી દઈએ કે, વિવિધ ઓનલાઇન સટ્ટાબાજી એપ્સના આશરે ૨૨ કરોડ ભારતીય યુઝર્સ છે, જે પૈકી ૧૧ કરોડ



નિયમિત રીતે તેનો ઉપયોગ કરે છે. એક અંદાજ મુજબ, દર વર્ષે ૪૫ કરોડ લોકો આ ઓનલાઇન મની ગેમ્સના ચક્કરમાં ફસાઈને ૨૦ હજાર કરોડથી વધારે રકમ ગુમાવે છે.

રાષ્ટ્રપતિની મંજૂરી સાથે જ હવે આ કાયદો બની ગયો છે અને તેની જોગવાઈઓ લાગૂ થઈ ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રમોશન એન્ડ રેગુલેશન ઓફ ઓનલાઇન ગેમિંગ બિલ ૨૦ ઓગસ્ટના રોજ લોકસભા અને ૨૧ ઓગસ્ટના રોજ રાજ્યસભામાં પસાર થયું હતું. બંને ગૃહોમાં આ બિલ આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે રજૂ કર્યું હતું.

# યાત્રાધામ દ્વારકામાં એરપોર્ટ બનશે

## વસઇ ગામે ખાનગી જમીન સંપાદન કરવા તજવીજ

**મુખ્ય સમાચાર, જામખંભાળિયા**

પશ્ચિમી છેવાડામાં આવેલું સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા એ ચાર ધામ પૈકીનું એક ધામ તથા સપ્તપુરી પૈકીની પુરી હોય, દર વર્ષે અહીં લાખો શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. આથી યાત્રાધામ દ્વારકાને હવાઈ માર્ગે જોડવા એરપોર્ટ અથવા તો એરસ્ટ્રીપ મળવાની વાતો લાંબા સમયથી સાંભળવા મળે છે.



આ વચ્ચે આગામી સમયમાં દ્વારકા નજીકના વસઈ ગામની જમીન એરપોર્ટ માટે નક્કી કરી લીધી હોવાનું ગાંધીનગરસ્થિત અધિકારીઓ દ્વારા જાણવા મળી રહ્યું છે.

આ બાબતે એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે દ્વારકા નજીક આવેલા વસઈ ગામની જમીન દ્વારકા એરપોર્ટ માટે લગભગ નક્કી થઈ ચૂકી છે. જેની ટૂંક સમયમાં વિધિવત રીતે જાહેરાત પણ કરવામાં આવશે.

સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર અહીંની ૩૦૦ હેક્ટર જેટલી જમીન એરપોર્ટ માટે અલગ રાખવામાં આવનાર છે. સરકારના કહેવાનુસાર આ પૈકી ૪૫ ટકા જેટલી એટલે કે આશરે ૧૩૦ હેક્ટર જેટલી જમીન હાલ સરકારના કબ્જામાં જ છે. જયારે બાકી રહેતી જમીન ખેડૂતો અને ખાનગી માલીકો પાસે હોય, જેને સંપાદિત કરવાની થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા આ અગાઉ પણ બે વખત દ્વારકા યાત્રાધામને એરપોર્ટની સુવિધા પ્રાપ્ત થાય તે માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ સિવિલ એવીએશન વિભાગના રીપોર્ટના કારણે જે-તે વખતે વાત આગળ વધી શકી ન હતી.

હવે રીપોર્ટ સરકારની તરફેણમાં હોય, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વસઈ આસપાસની બાકીની જરૂરી જમીન સંપાદનની પ્રક્રિયાઓ શરૂ કરવામાં આવશે. આ જમીન સંપાદિત થયા બાદ એવીએશન વિભાગને તે જમીનની સોંપણી કરવામાં આવશે.

# રાજસ્થાનમાં 'વન સ્ટેટ વન ઈલેકશન' લાગુ કરાશે

## પંચાયત અને શહેરી ચૂંટણીઓ એક સાથે યોજાશે

**મુખ્ય સમાચાર, જયપુર**

રાજસ્થાનમાં પંચાયત અને શહેરી સંસ્થાઓની ચૂંટણીઓ અંગે, રાજસ્થાન હાઈકોર્ટે સરકારને છ મહિનાની અંદર ચૂંટણીઓ કરાવવાનો નિર્દેશ આપ્યો છે. આ આદેશ પછી, રાજ્ય સરકારે કાર્યવાહી શરૂ કરી દીધી છે.

મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ શહેરોમાં સીમાંકન માટે શહેરી વિકાસ મંત્રી ઝાબર સિંહ ખરારાની અધ્યક્ષતામાં રચાયેલી સમિતિ અને ગ્રામીણ વિસ્તારોમાં સીમાંકન માટે પંચાયત રાજ મંત્રી મદન દિલાવરની અધ્યક્ષતામાં રચાયેલી સમિતિના અહેવાલને સ્વીકાર્યો છે.



અગાઉ , રાજસ્થાન ચૂંટણી પંચના કમિશનર મધુકર ગુપ્તાએ નવી મતદાર યાદીઓ પ્રકાશિત કરવા માટેનો આદેશ જારી કર્યો હતો. હકીકતમાં, રાજસ્થાન સરકારે અગાઉ જાહેરાત કરી હતી કે ''એક એસ્ટેટ એક ચૂંટણી'' લાગુ કરવામાં આવશે. આમ છતાં, છ મહિના પછી પણ ઘણી પંચાયતો અને શહેરી સંસ્થાઓમાં ચૂંટણીઓ યોજાઈ ન હતી.

સરપંચ અને પ્રધાનનો કાર્યકાળ પૂરો થયા પછી, પંચાયતોમાં વહીવટી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે, જ્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનો અને નગરપાલિકાઓમાં પણ ચૂંટણી ન થવાને કારણે પરિસ્થિતિ એવી જ છે. આ અંગે, ઘણા નાગરિકો અને જૂથોએ રાજસ્થાન હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી કે કાર્યકાળ પૂરો થવા છતાં ચૂંટણીઓ ન યોજાઈ રહી છે તે બંધારણનું ઉલ્લંઘન છે.

હાઈકોર્ટે સરકારને છ મહિનાની અંદર બધી પંચાયત ચૂંટણીઓ કરાવવા માટે સ્પષ્ટ સૂચના આપી હતી. જોકે, ઘણી પંચાયતોનો કાર્યકાળ ૨૦૨૭ સુધીનો છે અને સરકારે વન એસ્ટેટ વન ઈલેક્શનની જાહેરાત પૂર્ણ કરી ન હતી. દરમિયાન, રાજસ્થાન સરકારે પણ હાઈકોર્ટની ડબલ બેન્ચમાં સિંગલ બેન્ચના નિર્ણય સામે અરજી દાખલ કરી છે.

સરકારનું કહેવું છે કે તેને રાજ્યમાં વન એસ્ટેટ વન ઈલેક્શન લાગુ કરવાનો અધિકાર છે. રાજસ્થાનમાં ચૂંટણી પ્રક્રિયા અને સીમાંકનની તૈયારીઓ પર હવે બધાની નજર છે, કારણ કે હાઈકોર્ટનો આદેશ અને જાહેર દબાણ સરકાર માટે નિર્ણાયક સાબિત થશે.

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક
SATURDAY 23/08/2025



# જામનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્યો મેઘજીભાઈ ચાવડા દ્વારા રજૂ કરાયેલા લોકપ્રશ્નો અને રજૂઆતોને ધ્યાને લઈને કલેક્ટરએ લગત વિભાગના અધિકારીઓને આયોજનબદ્ધ તથા સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવા સૂચના આપી હતી.

બેઠકમાં અગાઉના પડતર પ્રશ્નો ઉપરાંત વિવિધ વિભાગોને લગતા નવા પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે ગામતળ બહારના વિસ્તારોમાં વીજ કનેક્શન આપવા બાબતે, કોઝવેના વેરીંગકોટ અને રીપેરીંગ અંગે, નેશનલ મિશન ઓન એડીબલ ઓઈલ અંતર્ગત ઓઈલ સીડ યોજના વેલ્યુ ચેઈન અંગે ખેતીવાડી વિભાગને લગત પ્રશ્ન, બેન્ક એકાઉન્ટ ખોલવા બાબતે, માધ્યમિક શાળા માટે જમીન ફાળવવા અંગે, જમીન ભાડા પેટે મેળવવા અંગે, સતાપર ગામે વન વિભાગ દ્વારા રસ્તાની જમીન ફાળવવા બાબત, પવનચક્કી અંગે, ગ્રામ પંચાયતોના નવીનીકરણ બાબતના પ્રશ્નો તેમજ જિલ્લા આયોજન કચેરી, જિલ્લા પંચાયત, શિક્ષણ વિભાગ, રેલ્વે વિભાગ, સિંચાઈ વિભાગ(રાજ્ય), વન વિભાગ, પ્રાંત અધિકારીની કચેરીને લગત પ્રશ્ન, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ખાણ અને ખનીજ વિભાગ, સહકારી મંડળીઓને લગત પ્રશ્નો અને તેના નિરાકરણ અંગે જરૂરી ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા કલેક્ટરએ સંકલન સમિતિના સભ્યોને સૂચના આપતા જણાવ્યું હતું કે, જનપ્રતિનિધિઓ મારફતે લોકો દ્વારા આવેલી રજૂઆતોને અગ્રતા આપીને તેનો સકારાત્મક દિશામાં અને સમય મર્યાદામાં ઉકેલ લાવવામાં આવે તેમજ પડતર કામોનો ઝડપથી નિકાલ લાવવા પર ભાર મૂક્યો હતો.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નું, નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર સહિત સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના જિલ્લા કક્ષાની અનુસરણ સમિતિની બેઠક યોજાઇ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના અંગે જિલ્લા કક્ષાની અનુસરણ સમિતિની બેઠક યોજવામાં આવી હતી.જેમાં પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના હેઠળ પસંદગી થયેલ કાલાવડ તાલુકાના મોરીદડ ગામમાં લોકોની સુવિધા અને સુખાકારીમાં ઉમેરો કરતા જે કામો ને મંજૂરી આપવામાં આવી છે તેની સમીક્ષા કરવામાં આવી હતી.કલેક્ટરએ વિવિધ કામોનું હાલનું સ્ટેટસ જાણી લગત અધિકારીઓને આ કામો પૂર્ણ કરવા સૂચનો આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે મોરીદડ ગામમાં ૧૦.૫૦ લાખના ખર્ચે સાંસ્કૃતિક હોલ, રૂ.૫ લાખના ખર્ચે સ્મશાન છાપરીનું કામ, રૂ.૨.૫ લાખના ખર્ચે સ્નાનઘાટનું કામ, રૂ.૨ લાખના ખર્ચે સ્મશાનમાં કમ્પાઉન્ડ વોલનું કામ હાથ ધરવામાં આવશે.આ બેઠકમાં ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નું, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ગોમતીબેન ચાવડા, નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર સહિત સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# શિવાજી હાઉસે ઈન્ટર હાઉસ બાસ્કેટબોલ ચેમ્પિયનશિપ જીતી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સૈનિક સ્કૂલ બાલાચડીમાં તાજેતરમાં શૈક્ષણિક સત્ર ૨૦૨૫-૨૬માટે ઈન્ટર હાઉસ બાસ્કેટબોલ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં પાંચ સિનિયર હાઉસ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં ટુર્નામેન્ટ લીગ કમ નોકઆઉટ ફોર્મેટમાં યોજાઈ હતી.



શિવાજી હાઉસ ચેમ્પિયનશિપ વિજેતા તરીકે ઉભરી આવ્યું, જેણે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન નોંધપાત્ર સાતત્ય અને શ્રેષ્ઠતા દર્શાવી. શિવાજી હાઉસના કેડેટ પ્રિયરાજ સિંહ અને કેડેટ હાર્ડ પટેલને ચેમ્પિયનશિપના અનુક્રમે 'શ્રેષ્ઠ બાસ્કેટબોલ ખેલાડી' અને 'શ્રેષ્ઠ ઉભરતા ખેલાડી' તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. સમાપન મેચ સમગ્ર શાળાએ નિહાળી હતી, જેઓ તેમની હાઉસ ટીમોને પ્રોત્સાહન આપવા માટે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સૈનિક સ્કૂલ બાલાચડીના પ્રિન્સિપાલ કર્નલ શ્રેયશ મહેતાએ પ્રેક્ષકોના જોરદાર તાળીઓ અને ઉત્સાહ વચ્ચે વિજેતાઓને ચેમ્પિયનશિપ ટ્રોફી આપી. પોતાના સંબોધનમાં, આચાર્યએ વિજેતાઓ, ઉપવિજેતાઓ અને તમામ સહભાગીઓને અભિનંદન આપ્યા. તેમણે ભાર મૂક્યો કે ''ઈન્ટર હાઉસ ચેમ્પિયનશિપ પ્રતિભા દર્શાવવાની તકો પૂરી પાડે છે'' અને કેડેટ્સને ઓછામાં ઓછી એક રમતમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે તેમને નિયમિતપણે પ્રેક્ટિસ કરવાની સલાહ આપી, યાદ અપાવ્યું કે સફળતા તરફ દોરી જતા કાર્યો અને પ્રયત્નો દ્વારા વ્યક્તિ યાદ રહે છે. તેમણે કેડેટ્સને ''ખંતથી રમો, સારી રીતે અભ્યાસ કરો અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખો'' આ સંદેશ સાથે વધુ પ્રેરણા આપી.

શંકરરાવ ગંધમ, પીજીટી કેમિસ્ટ્રી આ ઈવેન્ટના ઈન્ચાર્જ હતા જ્યારે સીએચએમ આનંદ દુબે અને હવાલદાર મનુજ ચંબ્યાલ મેચોના રેફરી હતા. સમાપન સમારોહમાં સ્ક્વોડ્રન લીડર રાકેશ તિવારી, વાઈસ પ્રિન્સિપાલ અને શાળાના સ્ટાફે પણ હાજરી આપી હતી.

# જામનગરનો યુવાન 'કૌન બનેગા કરોડપતિ' માં ચમકશે






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરનો યુવાન કેબીસીમાં સિલેક્ટ થયો છે અને આગામી તા. ૨૫ના રાત્રે એપીસોડનું પ્રસારણ કરવામાં આવશે કોન બનેગા કરોડપતીમાં સિલેકટ થઇને આ યુવાને જામનગરનું ગૌરવ વધાર્યુ છે.

પૂર્વ બેન્ક કર્મચારી હાલ ત્રિશાલી પાઉભાજીના સંચાલક પુનાભાઈ જાદવના પુત્ર અને સામતભાઈ પરમાર શહેર ભાજપ અગ્રણીના જમાઈ એવા દિપકકુમાર પુનાભાઈ જાદવ જેઓ કોન બનેગા કરોડ પતિ (કેબીસી)માં સિલેક્ટ થયેલ છે. અને જામનગરનું ગૌરવ વધાર્યુ છે, આ એપીસોડનું સોની લિવમાં તા.૨૫/૮/૨૫ના રોજ રાત્રે ૯૦૦ વાગ્યે પ્રસારણ કરવામાં આવશે, સૌપ્રથમ ડો.બાબાસાહેબ આંબેડકર સ્ટેચ્યુ એ દિપકકુમાર જાદવ ફુલહાર કરવા જશે ત્યારબાદ તેમના નિવાસસ્થાને ભીમવાસ.૧માં તેમનું સન્માન કરવામાં આવશે.

# જામનગર યાર્ડ ખાતે જીરૂનો ભાવ ૩૬૮૫ બોલાયો




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર માર્કેટ યાર્ડમાં ગુરુવારે ૨૭૩ ખેડુતો આવતા કુલ ૮૮૫૨ મણ જણસની આવક નોંધાઈ હતી જેમાં સૌથી ઊંચો ભાવ જીરુનો ૩૬૮૫ બોલાયો હતો જ્યારે સૌથી નીચો ભાવ ૩૩૦ રૂપિયા સુકી ડુંગળીનો બોલાયો હતો.જામનગર માર્કેટ યાર્ડમાં ૨૭૩ ખેડૂતો આવતા ૪૧૨૯ ગુણી જણસની ની ઠલવાઈ હતી જેમાં સૌથી ઊંચો જીરુ ભાવ ૩,૬૮૫ બોલાયો હતો જ્યારે સૌથી નીચો ભાવ સુકી ડુંગળીનો ૩૩૦ બોલાવ્યો હતો.

બાજરી, ૩૮૦ થી ૪૭૫ તલકાળા ૨૫૦૦ થી ૪૨૦૦ લસણ ૫૫૦ થી ૧૧૯૦, અજમો ૯૨૦ થી ૨૬૯૦, જીરુ ૨૫૫૦ થી ૩૬૮૫ ધાણા ૧૦૦૦ થી ૧૪૫૫ ડુંગળી સૂકી ૫૫ થી ૩૩૦ નાસિક ડુંગળી ૨૬૦ થી ૪૨૦ ચૌળી ૫૦૦ થી ૬૨૧ વાલ ૩૦૦ થી ૪૬૦, એરંડા ૧૧૦૦ થી ૧૫૮૦ સીંગદાણા ૧૨૦૦ થી ૧૩૦૦ નો બોલાવ્યો હતો. જામનગર માર્કેટ યાર્ડમાં ઉચ્ચ ભાવ મળતા આજુબાજુના ગામડાના ખેડૂતો અહીં પોતાનો જણસ વહેંચવા માટે આવતા હોય છે.

# જામનગર મહાનગરપાલિકા દ્વારા નવી ચેટબેટ સુવિધાનો પ્રારંભ કરાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા નવી ચેટબેટ સુવિધાનો પ્રારંભ કરાયો છે.જામનગર મહાનગર પાલિકા દ્વારા નવી વોટ્સએપ સુવિધાઓની શરૂઆત કરી છે. આ માટે મહાનગર પાલિકાએ એક વોટ્સએપ નંબર જાહેર કર્યો છે, જેના માધ્યમથી વિવિધ સુવિધાઓ મેળવી શકાશે અને લોકો ફરિયાદ પણ કરી શકશે.જામનગર મહાનગર પાલિકાએ શહેરીજનો માટે વોટ્સએપ નંબર ૯૪૨૬૫ ૨૪૩૬૫ જાહેર કર્યો છે. આ નંબર પર પ્રથમ હાઈ ટાઈપ કરી સંપર્ક જોડવાનો રહેશે, આ પછી ભાષા અને સંબંધિત શાખા પસંદ કરવાની રહેશે. ત્યાર પછી તમે જે સર્વિસ મેળવવા ઈચ્છતા હો, એ સર્વિસ પસંદ કરવાની રહેશે. આ એક વોટ્સએપ ચેટબોટ છે.આ વોટ્સએપ નંબર મારફતે શહેરીજનો ઓનલાઈન પેમેન્ટ, ઓનલાઈન ટેક્સ એપ્લિકેશન, સર્ચ એસેસમેન્ટ નંબર, ઓનલાઈન રિસિપ્ટ, બિલ ડાઉનલોડ, એસેસમેન્ટ નોટિસ અને મોબાઈલ નંબર રજિસ્ટ્રેશન સેવાઓ મેળવી શકશે.આ ઉપરાંત ઈસી પ્રોફેશનલ ટેક્સ તથા આરસી પ્રોફેશનલ ટેક્સ માટે પણ આ નંબર ઉપયોગમાં લઈ શકાશે. તેમજ ફરિયાદો નોંધાવી શકાશે અને સર્ટિફિકેટ તથા અરજીપત્રકો મેળવી શકાશે. આ સેવામાં જામનગર મહાનગર પાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓની વિગતો મેળવી શકાશે. મહાનગર પાલિકાએ નગરજનોને આ સેવાઓનો લાભ લેવા અનુરોધ કર્યો છે.આ સેવા શરૂ કરવા માટે કમિશનર ડી.એન.મોદીની સુચનાથી ચીફ એકાઉન્ટ ઓફિસર જીગ્નેશ નિર્મલે જહેમત ઉઠાવી હતી. જેમણે અગાઉ જેએમસી કનેક્ટ એપ્લિકેશન પણ રજૂ કરી હતી.

# ઉના સિંધી સમાજ દ્વારા આયોજીત શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે હાજરી આપી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના શહેરમાં આવેલ સોમનાથ બાગ મુકામે ઉના સિંધી સમાજ દ્વારા શ્રી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞમાં ઉનાના લોકપ્રિય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તેમજ ગીર સોમનાથ જીલ્લાના કલેકટર એન.વી.ઉપાધ્યાય સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત સિંધી સમાજના પ્રમુખ અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ઈશ્વરભાઈ જેઠવાણી તેમજ શહેર ભાજપ પ્રમુખ અને સિંધી સમાજના મહામંત્રી મનીષભાઈ કારીયા અને સમાજના આગેવાનો દ્વારા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ (કે.સી.રાઠોડ) નું પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું હતું ઉના સિંધી સમાજ દ્વારા આયોજીત શ્રી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ માં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તરફથી ૫૧૦૦૦ (એકાવન હજાર) રૂપિયાનું અનુદાન



આપવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે તેઓની સાથે જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી મિતેશભાઈ શાહ, નગરપાલિકાના સદસ્ય ચંદ્રેશભાઈ જોશી તેમજ સિંધી સમાજના આગેવાનો અને મુરબીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દિલ્હી પોલીસની સ્પે.ટીમ રાજકોટમાંઃ CMને લાફો મારનાર રાજેશને નાણા ટ્રાન્સફર કરનારની ધરપકડ

## રાજકોટના આરોપીએ શા માટે આવું કર્યું? ઉચ્ચ સ્તેરથી તપાસઃ પાંચ લોકોના નિવેદન નોંધ્યાઃ ફોન અને ચેટ મારફતે સંપર્કમાં રહેલા ૧૦ સામે તપાસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિલ્હીમાં મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર રાજકોટના રાજેશ ખીમજીભાઈ સાકરીયા નામના શખસે કરેલા હુમલાના કેસમાં તપાસનીસ ટીમોએ રાજકોટમાં ધામા નાખી તેના મિત્રની ધરપકડ કરી દિલ્હી ખાતે લઈ જવાયો હતો. જો કે હુમલાખોર રાજેશને હાલ પાંચ દિવસના રીમાન્ડ પર લઈ પોલીસે વિશેષ તપાસ આદરી છે.

કોઠારીયા રોડ પરના વિસ્તારમાં રહેતા અને રીક્ષા હંકારતા રાજેશ ખીમજીભાઈ સાકરીયા નામના શખસે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાના નિવાસ સ્થાને લોક દરબારમાં

હુમલો કર્યો હતો. જો કે હુમલાખોર શખસ રાજેશની પોલીસે તુરંત જ ધરપકડ કરી વિશેષ તપાસ માટે પાંચ દિવસના રીમાન્ડ પર લીધો છે. પૂર્વે કાવતરૂ યોજી હુમલો કર્યો હોવાની આશંકાએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.જો કે શખસના પરિવારે મિડીયા સમક્ષ આપેલ નિવેદનમાં જણાવ્યું હતું

કે રાજેશ એક પશુપ્રેમી હોવાથી રખડતા-શ્વાનો વિષેના ચુકાદાથી વ્યથિત હતો અને તે કારણે કદાચ ઉશ્કેરાઈ જઈ હુમલો કર્યો હોવાની આશંકા વ્યકત કરી હતી. જો કે પોલીસે આરોપીનો ફોન તપાસતા તે ફોન-ચેટ મારફતે ૧૦ લોકોના સંપર્કમાં રહ્યો હોવાથી દિલ્હીની સ્પેશ્યલ ટીમે રાજકોટમાં ધામા નાખ્યા હતા અને પાંચ લોકોના નિવેદન નોંધી વિશેષ પુછતાછ કરી હતી તેમજ આરોપી રાજેશને ઓનલાઈન રૂ.૨ હજાર ટ્રાન્સફર કરનાર તેના મિત્ર તેહસીન સૈયદની પોલીસે અટકાયત કરી દિલ્હી ખાતે લઈ જવાયો હતો.

# વોટ ચોરીના વિરોધમાં જામનગર શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા પ્રતિક ધરણાં

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વોટ ચોરીના વિરોધમાં લાલબગલા સર્કલ ખાતે ધરણા યોજી વિરોધ પ્રદર્શન કરેલ હતું. આ ધરણાં કાર્યક્રમમાં માજી સાસંદ વિક્રમભાઈ માડમ, શહેર પ્રમુખ દિગુભા જાડેજા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથિરિય, પ્રદેશ કોંગ્રેસ મહિલા આગેવાન સહારા મકવાણા, કોર્પોરેટર રચનાબેન નંદાણિયા, કાસમભાઇ જોખિયા સહિતના આગેવાનો હાજર રહ્યાં હતાં.કોંગ્રેસમાં હાથમાં પ્લેકાર્ડ રાખી



સુત્રોચ્ચાર કરી લોકતંત્ર બચાવવા અને સંવિધાન બચાવવા માંગ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વોટ ચોરીના મુદ્દે કોંગ્રેસ દ્વારા મશાલ રેલી યોજીને સરકાર અને ચૂંટણીપંચનું ધ્યાન દોરવા પ્રયાસ કર્યા પછી જામનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિત્તિ દ્વારા વોટ ચોરીના મુદ્દે કોંગ્રેસ ફરી એક વાર પ્રતિક ધરણાં યોજીને રાજકીય રીતે મેદાનમાં આવી હતી.

# જસદણમાં નબળી ગુણવત્તાવાળા રોડના કામને લઈને ઉગ્ર વિરોધઃ કોન્ટ્રાક્ટર અને નગરપાલિકા સામે સ્થાનિકોમાં રોષ



## નગરપાલિકાના કોન્ટ્રાક્ટરો બેફામઃ નિયમોની ઐસીતૈસી

**મુખ્ય સમાચાર, જસદણ**
**અહેવાલ, બિજલ ભેસજાળીયા**

જસદણ શહેરમાં નવા બનતા રોડની નબળી કામગીરીને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શહેરના વોર્ડ નંબર ૨ માં મામલતદાર કચેરી સામે જસદણ નગરપાલિકા દ્વારા લાખોના ખર્ચે સી.સી. રોડ બનાવવામાં આવી રહ્યો છે, પરંતુ આ કામમાં કોન્ટ્રાક્ટર દ્વારા ગુણવત્તાના નિયમોનું ઉલ્લંઘન થતું હોવાના આક્ષેપો થયા છે.

વિસ્તારવાસીઓના જણાવ્યા મુજબ, સી.સી. રોડના નિર્માણમાં અત્યંત નબળી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સ્થાનિકોએ દાવો કર્યો છે કે રોડના કામમાં રોલિંગ પણ યોગ્ય રીતે કરવામાં આવ્યું નથી અને પીસીસીનું કામ પણ હલકી ગુણવત્તાનું છે. આ બાબતે સ્થાનિકોએ કામ તાત્કાલિક અટકાવીને ગુણવત્તાની ચકાસણી કરવાની માંગ કરી છે.

એક તરફ, જસદણના મોટાભાગના રોડ-રસ્તાઓ જર્જરિત હાલતમાં છે અને નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ, જે નવા રોડ બની રહ્યા છે તેમાં પણ નબળી ગુણવત્તાની ફરિયાદો ઊઠી રહી છે. આટલી ગંભીર બાબત હોવા છતાં, જસદણ નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસર દ્વારા કોન્ટ્રાક્ટર સામે કોઈ કડક પગલાં લેવામાં આવ્યાં નથી.

સ્થાનિક નાગરિકોએ આક્ષેપ કર્યો છે કે નગરપાલિકાના પ્રમુખ અને અધિકારીઓ કોન્ટ્રાક્ટરના બિલ પાસ કરવાની ઉતાવળમાં હોય તેમ આંખ આડા કાન કરી રહ્યા છે. તેમણે નગરપાલિકાના વહીવટકર્તાઓને તાત્કાલિક આ બાબતે ધ્યાન આપીને જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવા અને કામની ગુણવત્તા સુનિશ્ચિત કરવા અપીલ કરી છે, જેથી લોકોના પૈસાનો દુરુપયોગ ન થાય અને તેમને સારા રસ્તાઓની સુવિધા મળી રહે.

# રાજકોટ મનપા દ્વારા નવનિર્મિત ગેમઝોન ખુલ્લો મુકાયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગુજરાત સરકારના રમશે ગુજરાત જીતશે ગુજરાત અભિયાન અંતર્ગત નવનિર્મિત ગેમ ઝોનનું લોકાર્પણ ધારાસભ્ય ડૉ.દર્શિતા શાહના વરદ હસ્તે કરાયુ. આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે, મેયર નયનાબેન પેઢડીયા, કોર્પોરેશનના પદાઅધિકારીઓ, કોર્પોરેટરઓ તથા શહેરીજનો ઉપસ્થિત રહ્યા.

# જાફરાબાદના દરિયાના 30 નોટિકલ માઇલ દૂરથી ગુમ થયેલા બે માછીમારોના મૃતદેહ મળી આવ્યાં

## કોસ્ટગાર્ડ ટીમ દ્વારા દરિયામાંથી મધરાતે મૃતદેહ બહાર લવાશે





**મુખ્ય સમાચાર, રાજુલા**

અમરેલી જિલ્લામાં તાજેતરમાં પડેલા વરસાદને કારણે દરિયો તોફાની બન્યો હતો. જેને લઈ અમરેલીના જાફરાબાદના દરિયામાં ત્રણ બોટ ડૂબી હતી. જેમાં ૧૧ માછીમારો લાપતા થયાં હતાં. ત્યારે સ્થાનિક ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે ટેલિફોનિક વાતચીત દરમિયાન પરિસ્થિતિ અંગે માહિતી આપી હતી. અને મુખ્યમંત્રીના આદેશ બાદ કોસ્ટગાર્ડ અને NDRF ટીમ લાપતા માછીમારોની હેલીકોપ્ટર અને જહાજની મદદથી દરિયામાં લાપતા ૧૧ માછીમારોની શોધખોળ કરવામાં આવી રહી છે. આજે જાફરાબાદ બંદર પર ૭૦૦ બોટો સલામત રીતે કિનારે પહોંચી હતી. તેમજ બે બોટોના એન્જીન બંધ પડેલ તે બોટને કોસ્ટગાર્ડ ટીમ જીવના જોખમે મધદરિયે થી ઉછળતા મોજા વચ્ચે બોટનું રેસકયું કરી જાફરાબાદ બંદર ખાતે લવાઈ હતી. ત્યારે આજે ત્રીજા દિવસે પીપાવાવ કોસ્ટગાર્ડ ટીમ ૩૦ નોટિકલ માઈલ દૂરથી દરિયામાં ગુમ થયેલા બે માછીમારોના મૃતદેહ મળી આવ્યાં હતાં. અને હજુ નવ માછીમારો લાપતા છે તેની શોધખોળ શરૂ છે. બન્ને માછીમારોના મૃતદેહ મળતા માછીમારોમાં શોકનો માહોલ છવાયો હતો. મધરાતે બન્ને માછીમારોના મૃતદેહને બહાર લાવવામાં આવશે. ત્યારબાદ પીએમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવશે. આ ઘટના પગલે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, જીલા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતના ભાજપના આગેવાનો ગુમ થયેલા માછીમારોના પરિવારજનો સાથે મુલાકાત કરી સાંત્વના પાઠવી હતી. આ તકે પ્રાંત અધિકારી ડો. મેહુલ બરાસરા, જીગ્નેશભાઈ પટેલ, વીરભદ્રભાઈ ડાભીયા, વનરાજભાઈ વરૂ, ધનશ્યામભાઈ વાઘ, સંદિપભાઈ શીયાળ, ધીરુભાઈ નકુમ તથા ભાજપના આગેવાનો- કાર્યકર્તાઓ સહિત વહિવટી તંત્રની ટીમ ઉપસ્થિત રહી હતી.

# રીબડા ફાયરીંગ પ્રકરણમાં શાર્પશૂટરને હથિયાર આપનાર રાજકોટના વકીલની ધરપકડ

## ફાયરિંગનો પ્લાન નિષ્ફળ જતા હથિયાર સાચવવા આપી ગયો હતોઃ કુખ્યાત હાર્દીકસિંહના આદેશ બાદ હથિયાર શાર્પશૂટરને આપવા ગયો હતો,આકરી પૂછતાછ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રીબડાગામે અનિરૂધ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલ પંપ ઉપર ફાયરીંગ કરાવનાર અને પાંચ દિવસના રીમાન્ડ પર રહેલા હાર્દીકસિહ જાડેજાની પુછતાછમાં અગાઉ રીબડા ખાતે અનીરૂધ્ધ સિંહ જાડેજાના પુત્ર રાજદીપસિંહ પર ફાયરીંગ માટે પ્લાન બનાવ્યો હતો અને રીબડા પણ ગયો હતો પરંતુ પ્લાન નિષ્ફળ જતા રાજકોટના સાગ્રીત એવા વકીલને હથીયાર સાચવવા આપ્યુ હતુ અને રીબડા પંપ ઉપર ફાયરીંગ પુર્વે સાર્પશૂટરને હથીયાર આપવા ગયો હોવાનુ બહાર આવતા પોલીસે વકીલની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ રીબડા પેટ્રોલ પંપ ઉપર ફાયરીંગ કરાવનાર હાર્દીકસિંહ હરદેવસિંહ જાડેજાની ગોડલ તાલુકા પોલીસે ધરપકડ કરી તેના પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. પોલીસની પુછતાછમાં અગાઉ અનીરૂધ્ધસિંહના પુત્ર રાજદીપસિંહ અને પિન્ટુ ખાટડીએ અગાઉ મારામારી કરી હતી જે મામલે ઉશ્કેરાયેલા હાર્દીકસિંહએ અગાઉ બન્ને ઉપર ફાયરીંગ કરવાનો પ્લાન કર્યો હતો અને રીબડા અનીરૂધ્ધસિંહના મકાન અને ફાર્મ હાઉસ પર રેકી કરી હતી ત્યાર બાદ રાજકોટ ગોડલ રોડ પર પુનીતનગરમાં પિન્ટુ ખાટડીના મકાનની રેકી કરી હતી પરંતુ પ્લાન નિષ્ફળ જતા રાજકોટના સાધુવાસવાણી રોડ પર રહેતા વકીલ રવી લાલજીભાઈ ગમારાને હથીયાર છુપાવવા માટે આપી ગયો હતો.

બાદમાં રીબડા પેટ્રોલ પંપ ઉપર ફાયરીંગ કરવા આવેલા બન્ને સાર્પશૂટરોને હથીયાર રવી આપ્યુ હોવાનુ બહાર આવતા પોલીસે સાધુવાસવાણી રોડ પર રહેતા વકીલ રવી ગમારાની ધરપકડ કરી વધુ પુછતાછ કરી હતી.તેમજ બન્ને સાર્પશૂટરો રીબડા પંપ ઉપર ફાયર કર્યાના પ્રકરણમાં બસમાં આવી ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી બાઈક મેળવી રીબડા ગયા હતા અને ફાયરીંગ કરી બાળક લઈને અમદાવાદ નાસી ગયા હોવાનુ બહાર આવ્યુ હતુ જેથી પોલીસે સાર્પ શૂટરોને બાઈક આપનાર શખસ સહીત અન્ય મદદ કરનાર આરોપી કોણ ? તે સહીતની હાર્દીકસિહની પુછતાછ કરી છે.

# મહિલા PSI વિશે અભદ્ર કોમેન્ટ મુદ્દે ભાવનગરના એડવોકેટની ધરપકડ

## જૂનાગઢ એસઓજીએ આપના વધુ એક સમર્થકને ઝડપી લીધોઃ વકીલની સનદ રદ કરવા પોલીસ બાર કાઉન્સીલમાં રીપોર્ટ કરશે

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

વિસાવદરમાં આપના ધારાસભ્યની પોલીસ સ્ટેશનમાં સસ્તા અનાજ મામલે આંદોલન બાદ જે રીતે આપના કેટલાક સર્મથકો દ્વારા સોશિયલ મિડિયામાં મહિલા પીએસઆઈ વિરુધ્ધ અભદ્ર કોમેન્ટ કરવા મામલે એસઓજીને તપાસ સોપવામાં આવી હતી, જેમાં અગાઉ પાંચની ધરપકડ બાદ આજે પોલીસે ભાવનગરના એક વકીલની પણ ધરપકડ કરીને જેલહવાલે કરવામાં આવ્યા છે.

આ સમગ્ર બનાવની તપાસ જૂનાગઢ એસઓજીને સોપવામાં આવી હતી, જેને લઈને અગાઉ આપના પાંચ સમર્થકોની એલસીબીએ ધરપકડ કરીને જેલહવાલે કર્યા હતા, બાદમાં એસઓજીએ તપાસ કરીને ભાવનગરના વડવા ખાતે ફાચરીયા વાડી પાસે રહેતા અને કોર્ટમાં વકીલાત કરતા નિરજ જ્યોતિન્દ્ર ટીમાણીયા ઉ.૫૨ ની આજે ધરપકડ કરીને એક મોબાઈલ કબજે કરવામાં આવ્યો હતો, અને વિસાવદર કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેને જેલહવાલે કરવામાં આવ્યા છે. આ કેસમાં એડવોકેટની સનદ રદ કરવા જૂનાગઢ પોલીસ બાર કાઉન્સીલ ઓફ ગુજરાત અમદાવાદને રીપોર્ટ કરવાતજવીજ હાથ ધરી છે.

# રાજકોટ જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

### જુલાઈ માસમાં ૩૫૨૧ મે.ટન ઘઉં, ૨૩૮૭ મે.ટન ચોખાનું વિતરણ કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને જિલ્લા નાગરિક પુરવઠા અને સલાહકાર સમિતિની બેઠક યોજાઇ હતી.

જેમાં પુરવઠા અધિકારી અજય ઝાપડાએ જણાવ્યું હતું કે, જુલાઈ માસમાં રાશનકાર્ડના લાભાર્થીઓને ૩૫૨૧.૫૫ મેટ્રિક ટન ઘઉં, ૨૩૮૭.૯૦૭ મે.ટન ચોખાનું વિતરણ કરવામાં આવ્યું છે. જ્યારે ૧૬૭.૭૬૩ મે.ટન તુવેરદાળ, ૧૬૯.૩૦૩ મે.ટન ચણા, ૯૨૭.૪૩ મે.ટન ખાંડ, તેમજ ૧૩૭.૯૯૯ મે.ટન મીઠું વિતરણ કરાયું છે. જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ ૩,૨૦,૬૨૨ રાશનકાર્ડ નોંધાયેલા છે. જેમાં ૧૩,૧૧,૯૧૦ જનસંખ્યાનો સમાવેશ થાય છે. જુલાઈ-૨૦૨૫ સુધીમાં જિલ્લામાં વન નેશન, વન રેશન હેઠળ ૧૦,૬૦૩ લાભાર્થીઓ નોંધાયા છે.

## ખોડાપીપર જળાશય ૮૦% ભરાતાં ચેતવણી સંદેશ

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા પાસે આવેલા ખોડાપીપર જળાશયમાં તા. ૨૨ ઓગસ્ટના રોજ સવારે ૬ કલાકે ૮૦% પાણી ભરાયેલું છે. આગામી દિવસોમાં આ ડેમ પૂર્ણ સપાટીએ ભરાતાં અથવા ઓવરફ્લો થતા પાણી છોડવામાં આવશે. આથી, પડધરી તાલુકાના ખોડાપીપર ગામના લોકોને નદીના પટમાં તથા કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા તેમજ તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા, ફ્લડ કંટ્રોલ સેલની યાદીમાં ચેતવણી સંદેશ અપાયો છે.

# તરણેતરનાં લોકમેળામાં યોજાશે "૨૦મી ગ્રામીણ ઓલિમ્પિક" સ્પર્ધા, રાજ્યભરના રમતવીરો થશે સહભાગી

### યુવાનોને રમત-ગમત પ્રત્યે પ્રોત્સાહિત કરવા રમત-ગમત વિભાગનું વિસ્તૃત આયોજનઃ મેળામાં ત્રણ દિવસ સુધી યોજાનાર જુદી-જુદી સ્પર્ધાઓ રાજ્યભરના રમતવીરો બતાવશે આગવું કૌવત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં આવેલું તરણેતર ગામ વિશ્વવિખ્યાત ભાતીગળ લોકમેળા માટે જાણીતું છે, જે દર વર્ષે હજારો પ્રવાસીઓને આકર્ષે છે. આ મેળામાં યોજાતી ગ્રામીણ ઓલિમ્પિક રમતોત્સવ ગુજરાતની સાંસ્કૃતિક અને રમતગમતની પરંપરાઓનું અનોખું સંગમ છે. આ વર્ષે તરણેતર ખાતે તા. ૨૬ થી ૨૮ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન ૨૦મી ગ્રામીણ ઓલિમ્પિકનું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. આ રમતોત્સવ રાજ્ય સરકાર, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને જિલ્લા રમત વિકાસ અધિકારી, લીંબડી-સુરેન્દ્રનગરના સંયુક્ત ઉપક્રમે યોજાશે. જેમાં રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાંથી રમતવીરો રસ દાખવી રહ્યા છે.

ગ્રામીણ ઓલિમ્પિકનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને રમત-ગમત પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો અને ગ્રામીણ વિસ્તારોમાં રમતોની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો છે. આ રમતોત્સવમાં રાજ્યભરના રમતવીરો ભાગ લે છે, જેમાં બાળકો, યુવાનો અને ઓપન કેટેગરીના ખેલાડીઓ સામેલ હોય છે. આ ઉપરાંત, પરંપરાગત અને સ્થાનિક રમતોને પણ આ ઓલિમ્પિકમાં સ્થાન આપવામાં આવે છે, જે ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરે છે.

૨૦મી ગ્રામીણ ઓલિમ્પિકમાં વિવિધ રમતો અને સ્પર્ધાઓનાં આયોજન વિશે વાત કરતાં જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી પાર્થ ચૌહાણે જણાવ્યું હતું કે, આ ગ્રામીણ ઓલિમ્પિકમાં પ્રથમ દિવસે એટલે કે તા. ૨૬/૦૮/૨૦૨૫ના રોજ ૧૬ વર્ષ સુધીના ભાઈઓ તથા બહેનો માટે ૧૦૦ મી.દોડ, ૨૦૦ મી.દોડ, ૮૦૦ મી.દોડ, લાંબીકુદની રમતો યોજાશે. જયારે ઓપન કેટેગરીના ભાઈઓ તથા બહેનો માટે ૧૦૦ મી.દોડ, ૪૦૦ મી. દોડ, ૮૦૦ મી. દોડ, ગોળાફેંક, લાંબી કુદ, ૪ ૧૦૦ મી.રીલે દોડ તેમજ ૧૨ વર્ષના બાળકો માટે લંગડી (૯ ખેલાડીઓ)ની સ્પર્ધા યોજાશે.

બીજા દિવસે એટલે કે તા. ૨૭/૦૮/૨૦૨૫ના રોજ ઓપન કેટેગરીના બહેનો માટે માટલા દોડ હરીફાઇ (૫૦ મી.અંતર), વોલીબોલ (૧૦ ખેલાડીની ટીમ), કબડ્ડી (૧૦ ખેલાડીઓની ટીમ)ની રમતો યોજાશે. જયારે ભાઈઓ માટે નારીયેળ ફેંક, વોલીબોલ (૧૦ ખેલાડીની ટીમ), કબડ્ડી (૧૦ ખેલાડીઓની ટીમ), સ્ટ્રોન્ગેસ્ટમેન, ખાંડના લાડવા ખાવાની હરીફાઈ, સાતોડી (નારગોલ)ની સ્પર્ધા યોજાશે.

ત્રીજા દિવસે એટલે કે તા. ૨૮/૦૮/૨૦૨૫ના રોજ ૧૬ વર્ષ સુધીના બહેનો માટે દોરડાકુદ (રોપ સ્કીપીંગ) તેમજ ઓપન કેટેગરીમાં ભાઈઓ માટે કુસ્તી (૪૫ થી ૫૫ કિગ્રા, ૫૫ થી ૬૮ કિગ્રા અને ૬૮ કિ.ગ્રા ઉપરના વજન માટે, રસ્સાખેંચ (૧૦ ખેલાડીની ટીમ)ની સ્પર્ધા યોજાશે. ગ્રામીણ ઓલિમ્પિકમાં વિવિધ રમતોમાં રાજ્યના રમતવીરો સહભાગી થશે.

ગ્રામીણ ઓલિમ્પિકમાં વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર અને સન્માન આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ પુરસ્કારો ખેલાડીઓનું મનોબળ વધારવામાં અને રમત-ગમત પ્રત્યેનો તેમનો ઉત્સાહ જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

# રાજકોટ જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાઈ

### શહેરના પ્રવેશના માર્ગો પર પડેલા ખાડા તત્કાલ પૂરવા સૂચના અપાઈઃ તમામ વિભાગોને પ્રો-એક્ટિવ અભિગમ સાથે કામ કરવા કલેક્ટરની સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને આજરોજ જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા-શહેરના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી અને બાકી પ્રશ્નોનો સમયમર્યાદામાં નિકાલ લાવવા કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીઓને સૂચના અપાઇ હતી.

સાંસદ શ્રી રામભાઈ મોકરીયાએ શહેર-જિલ્લામાં વીજ ટ્રાન્સફોર્મરમાં થતા કચરાનો પ્રશ્ન રજૂ કર્યો હતો. જેના જવાબમાં જણાવાયું હતું કે, પીજીવીસીએલ દ્વારા ૧૭૦૦થી વધુ ટીસીનો સર્વે કરાયો હતો. જેમાં ૧૦૩૩ ટીસીમાં સફાઈની જરૂરિયાત જણાતાં તત્કાલ કામગીરી શરૂ કરાઈ હતી અને મોટા ભાગની ટીસીમાં સફાઈ થઈ ગઈ છે, જ્યારે બાકી ટીસીમાં સફાઈ ચાલુ હોવાનું જણાવાયું હતું.

આ તકે ઓસમ ડુંગર પર શૌચાલય બનાવવાની રજૂઆત થઈ હતી. આ દિશામાં તત્કાલ કામગીરી કરવા કલેક્ટરશ્રી તરફથી સુચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાએ કેન્સરના દર્દીઓને અપાતી સહાય, બસ પોર્ટમાં પાણી ટપકવાની સમસ્યા, માધાપર ચોકડી સહિતના શહેરના પ્રવેશમાર્ગો પર વરસાદી પાણી ભરાવા અને વરસાદના કારણે પડેલા ખાડાની સમસ્યા સહિતના પ્રશ્નો રજુ કર્યા હતા. જેમાં આ પ્રશ્નો સામે થયેલી કામગીરી અને લેવાયેલા પગલાંની વિગતો રજૂ કરવામાં આવી હતી. બસ પોર્ટમાં પાણી ટપકવાનો પ્રશ્ન ઉકેલાઈ ગયો છે. જ્યારે પ્રવેશમાર્ગો પરના ખાડા સત્વરે પૂરીને રોડ સમથળ કરવા સંબંધિત વિભાગને સૂચના ક્લેક્ટર દ્વારા આપવામાં આવી હતી.

ધારાસભ્યશ્રી ડૉ. દર્શિતાબહેન શાહે એઈમ્સ પાસે બસ સ્ટેશન બનાવવા અંગેનો પ્રશ્ન રજૂ કર્યો હતો. જેમાં આ બસ સ્ટેશન માટે જમીનનો ઓર્ડર પણ કરી દેવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું હતું. ધારાસભ્યશ્રીના પ્રશ્ન સંદર્ભે રાજકોટમાં અશાંત ધારાની મુદ્દત રીન્યુ કરવાની પ્રક્રિયા ઝડપી બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

બેઠકમાં રજૂ થયેલા પ્રશ્નો પરત્વે પ્રો-એક્ટિવ અભિગમ અપનાવીને તેનો સમયમર્યાદામાં નિકાલ લાવવા કલેક્ટરશ્રીએ સૂચના આપી હતી. આ તકે જિલ્લા કલેક્ટર ડૉ.ઓમ પ્રકાશે સર્વ અધિકારીઓને પ્રો એક્ટિવ અભિગમ સાથે કામગીરી કરવા સુચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબહેન રંગાણી, જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ભાનુબહેન બાબરીયા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જર, નાયબ પોલીસ કમિશનર ઝોન-૨ રાકેશ દેસાઈ, આસિ. ક્લેક્ટર મહેક જૈન, નાયબ વન સંરક્ષક યોગરાજસિંહ ઝાલા, સનદી અધિકારી વૃષાલી કાંબલે, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે. વસ્તાણી, રૂડાના સી. ઈ.ઓ. ગૌતમ મિયાણી, વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, પ્રાંત અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રવિવારે પર્યુષણ પર્વના પાંચમા દિવસે પ્રભુ મહાવીરના પ્રેરક પ્રંસગોનુ વર્ણન તથા ચૌદ સપનાનું મહત્ત્વ સમજાવાશે

### તીર્થંકર પ્રભુ મહાવીરની માતાને આવેલા ચૌદ મહા સ્વપનનું મહાત્મય..

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**સંકલન - મનોજ ડેલીવાળા**

દરેક તીર્થંકરની માતાને ચૌદ મહા સ્વપન આવે છે. માતા ત્રિશલા પોતાને આવેલા સપનાની વાત મહારાજા સિધ્ધાર્થને કરે છે.રાજા કૂશળ સ્વપન પાઠકોને બોલાવી તેના અર્થને જાણે છે. મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે પર્વાધિરાજ પર્યુષણ પર્વના પવિત્ર દિવસો ચાલી રહ્યાં છે.. ચાલો.... આપણે પણ મહા સ્વપનાઓનું મહાત્મય જાણીયે....

(૧) હાથીઃ હે માતા... આપનો પુત્ર જગતમાં હાથીને જેમ નિર્ભય થઈને વિચરશે.

(૨) ઋષભ : આવનાર વીર પુત્ર તેના જ્ઞાન અને ચારિત્ર બળથી વિષય - કષાયરૂપી કાદવ - કીચડમાં સંસારમાં ફસાયેલા અનેક જીવોને બહાર કાઢશે.

(૩) સિંહ : આ શુરવીર પુત્ર સિંહ ની જેમ પરાક્રમી બની શાસનની ધુરા સંભાળશે.નીડર - નિર્ભય બનીને વિચરશે.

(૪) લક્ષ્મી : હે માતા ...આપનો પુત્ર ભૌતિક લક્ષ્મીનો ત્યાગ કરી શાશ્વતી એવી મોક્ષ લક્ષ્મી ને વરશે.

(૫) પુષ્પની બે માળા : આવનાર બાળક મોટો થઈ આગાર અને અણગાર ધર્મ સમજાવી તીર્થની સ્થાપના કરશે.

(૬) ચંદ્ર : હે માતા... આપનો પુત્ર ચંદ્ર સમાન શીતળ તેમજ સૌમ્ય હશે.

(૭) સૂર્ય : આવનાર બાળક જગતમાંથી મિથ્યાત્વના અંધારા દૂર કરી સૂર્ય સમાન તેજસ્વી - ઓજસ્વી બનશે.

(૮) ધજા : જેમ મંદિર પર રહેલી ધજાથી દૂરથી ખ્યાલ આવે છે તેમ આપના પુત્રની પણ યશ કીર્તિ દૂર - સુદૂર ફેલાશે.

(૯) કળશ : અમૃતના કળશમાંથી જેમ અમૃતપાન કરાવી શકાય તેમ આપનો લાલ...જિનવાણી રૂપી જ્ઞાનામૃત પીવડાવશે.

(૧૦) પદ્મ સરોવર : શુભ અને પ્રેમનું પ્રતિક છે,આવનાર બાળક જયાં પણ જશે પ્રેમ અને પ્રસન્નતા ફેલાવશે.

(૧૧) ક્ષીર સમુદ્ર : હે માતા...તમારો પુત્ર સમુદ્રની જેમ અનેક જીવાત્માનો આધાર બનશે.

(૧૨) દેવ વિમાન : સદ્ગતિનું પ્રતિક છે.હે માતા... તમારૂ સંતાન અનેકના સદ્? ગતિનું નિમિત્ત બનશે અને સ્વયં સિદ્ધ ગતિને વરશે.

(૧૩) રત્ન રાશિ : ભૌતિક સમૃદ્ધિને પ્રગટ કરવા માટે જેમ લક્ષ્મીનું મહત્વ છે એવી રીતે આત્મિક ગુણોને પ્રગટ કરવા રત્ન રાશિનું મહત્વ છે.

(૧૪) અગ્નિ : હે...રત્નકુક્ષિણી માતા...જેવી રીતે અગ્નિ પ્રજવલિત થવાથી અંધારું ચાલ્યું જાય છે તેમ આપનો લાડકવાયો કેવળ જ્ઞાન અને કેવળ દર્શનને પ્રાપ્ત કરી દુનિયાનો પ્રકાશનો પૂંજ અને તારણહાર બનશે.

# GJ 03 PH સિરીઝના ગોલ્ડન, સિલ્વર નંબરો માટે રી-ઓકશન યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોટર સાયકલ પ્રકારના વાહનો માટે GJ 03 PH સિરીઝના ગોલ્ડન,સિલ્વર નંબરો માટે રી-ઓક્શન યોજાશે. રી-ઓક્શન તા.૩૦/૦૮/૨૦૨૫થી શરૂ કરવામાં આવનાર છે. આ પ્રકારના ગોલ્ડન કે સિલ્વર નંબરો મેળવવા ઈચ્છતા વાહન માલિકો http://parivahan.gov.in/fancy પર ઓનલાઇન રજિસ્ટ્રેશન કરી રી-ઓકશનમા ભાગ લઈ શકશે.

ગોલ્ડન, સિલ્વર નંબરો મેળવવા માટે તા.૩૦/૦૮/૨૦૨૫ સાંજે ૪૦૦ કલાકથી તા.૦૨/૦૯/૨૦૨૫ સાંજે ૦૪ કલાક સુધીમા ઓનલાઇન એપ્લિકેશન કરાવાની રહેશે. તા.૦૨/૦૯/૨૦૨૫ સાંજના ૦૪.૧ કલાકથી તા. ૦૪/૦૯/૨૦૨૫ના સાંજના ૦૪૦૦ કલાક સુધી ઓનલાઇન બિડીંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા. ૦૪/૦૯/૨૦૨૫ના રોજ સાંજે ૦૪૧૫ ના રોજ પરિણામ ઓનલાઇન જાહેર થશે.

અરજદારોએ નીચે દર્શાવેલ પ્રક્રિયા તેમજ સૂચના મુજબ કામગીરી કરવાની રહેશે. અરજદારે parivahan.gov.in વેબસાઇટ પર જવુ.

વેબસાઇટમાં દર્શાવેલા ઓનલાઇન સર્વિસ પર ક્લિક કરવું., ત્યારબાદ fancy number booking પર ક્લિક કરવું., જેમાં પબ્લિક યુઝર પસંદ કરી આઈ.ડી. બનાવવું., આઈ.ડી.બનાવ્યા બાદ સી.એન.એ ફોર્મ ઓનલાઈન ભરવું., પસંદગીનો નંબર સિલેક્ટ કરી દર્શાવેલી ઓછાંમાં ઓછી ફી ભરવી., ઓનલાઇન ફી ભર્યા બાદ બિડિંગ એટલે કે હરાજીમાં ભાગ લેવો., હરાજીમાં નંબર મેળવ્યા બાદ ''૫'' દિવસમાં હરાજીની બાકીની રકમ ભરવી.

હરાજીની રકમ ભર્યા બાદ આર.ટી.ઓ કચેરીએથી એપ્રૂઅલ લઈ નંબર મેળવવો. વાહન ખરીદીના સાત દિવસમાં અરજદારે સી.એન.એ ફોર્મ ભરવાનું રહેશે.

તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# ન્યારી-૧ ડેમ ૭૦ ટકા ભરાતા ચેતવણી સંદેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકામાં આવેલો ન્યારી -૧ ડેમ ૭૦ ટકા ભરાઈ ગયો છે. આથી ચેતવણી સંદેશ જારી કરવામાં આવ્યો છે કે, આ યોજના પૂર્ણ ભરાતા રૂલ લેવલ જાળવવા માટે પાણી છોડવામાં આવે ત્યારે નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં કોઈએ અવરજવર કરવી નહીં.

લોધીકાના હરિપર પાળ તથા રાજકોટના વેજા ગામ ઉપરાંત ખંઢેરી, ઈશ્વરીયા, વડવાળી વાજડી, ખંભાના, ન્યારા, પડધરી, રામપુર, રંગપુર, તરઘડી, ગઢીવાળી વેજડી, વેજાગામ (વાજડી), વાજડી (વીરડાવાળી) ગામો માટે ખાસ ચેતવણી સંદેશ જારી કરવામાં આવ્યો છે. ડેમ હાલ ૧૦૩.૨૫ મીટર ભરાયેલો છે.

# ડબલિંગ કાર્યના કારણે કાનાલુસ-પોરબંદર અને પોરબંદર-કાનાલુસ લોકલ ટ્રેનો ૧૫ સપ્ટેમ્બર સુધી આંશિક રદ્દ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝનમાં આવેલા લાખાબાવળ-પીપળી-કાનાલુસ સેક્શનમાં ચાલી રહેલ ડબલિંગ કામગીરીના કારણે ૨૩ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી કાનાલુસ-પોરબંદર અને પોરબંદર-કાનાલુસ લોકલ ટ્રેનો આંશિક રીતે રદ્દ રહેશે. વિગતો નીચે મુજબ છે

**આંશિક રીતે રદ્દ કરાયેલી ટ્રેનોઃ**

ટ્રેન નં. ૫૯૨૦૬ પોરબંદર-કાનાલુસ લોકલ ૨૩.૦૮.૨૦૨૫ થી ૧૫.૦૯.૨૦૨૫ સુધી ગોપ જામ-કાનાલુસ વચ્ચે આંશિક રીતે રદ્દ રહેશે.

ટ્રેન નં. ૫૯૨૦૫ કાનાલુસ-પોરબંદર લોકલ ૨૩.૦૮.૨૦૨૫ થી ૧૫.૦૯.૨૦૨૫ સુધી કાનાલુસ-ગોપ જામ વચ્ચે આંશિક રીતે રદ્દ રહેશે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર જઈને તપાસ કરે જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

# રાજકોટ એરપોર્ટમાં બે મહિનાથી સફાઇ કામદારોને પગાર નહી મળતા હડતાળ



### કોન્ટ્રાક્ટ કંપની સામે રોષે ભરાયેલા કામદારો દ્વારા સૂત્રોચ્ચાર સાથે વીજળીક હડતાળઃ પગારમાંથી દર મહિને રૂા.૨,૦૦૦ સુપરવાઇઝરને કમિશન પેટે ચૂકવવા પડતા હોવાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ એરપોર્ટમાં છેલ્લા બે મહિનાથી સફાઈ કર્મીઓને પગાર થયો ન હોવાથી ગઈકાલે સફાઈ કામદારો વીજળીક પર ઉતરી ગયા હતા. જેકે બે દિવસમાં પગાર મળી જશે તેવી હૈયા ધારણા આપ્યા બાદ ફરીથી સફાઈ કામદારો પોતાના કામ પર લાગી ગયા હતા. સફાઈ કામદારોએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે એરપોર્ટમાં કોન્ટ્રાક્ટ કંપનીના નેજા હેઠળ અમે ૯૦ જેટલા સફાઈ કામદારો ટર્મિનલ અને અન્ય વિભાગોમાં કામ કરીએ છીએ. કોન્ટ્રાકટ કંપની દ્વારા અમને પગાર ચૂકવવામાં આવે છે. બે મહિનાનો પગાર પણ ચૂકવવાનો બાકી છે.

૨૨ ઓગસ્ટ સુધી હજુ અમને ગયા મહિનાનો પગાર પણ ચૂકવાયો નથી જ્યારે પણ રજૂઆત કરી છે ત્યારે ઠાલા વચનો આપવામાં આવે છે, આ ઉપરાંત સફાઈ કામદારોએ એવો આક્ષેપ કર્યો હતો કે, જ્યારે અમને પગાર મળે છે તેમાંથી રૂા. ૨૦૦૦ રૂપિયા અમારે સુપરવાઈઝરને કમિશન પેટે ચૂકવવાના હોય છે. પગાર ન મળતા ગઈકાલે સફાઈ કામદારો એકત્ર થઈ ટર્મિનલ બહાર સૂત્રોચ્ચાર કરીને હડતાલ પર ઉતર્યા હતા.

# લગ્નનો ઈનકાર કરી પ્રેમી સગાઈના તાંતણે બંધાતા પ્રેમિકાએ ફીનાઈલ પીધું

### કોલેજકાળ દરમિયાન પ્રેમ સબંધ બંધાતા યુવાને લગ્નનો વાયદો કર્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વિસ્તારે રહેતી યુવતીને કોલેજ કાળ દરમિયાન સહપાઠી યુવક સાથે આંખ મળી જતાં બન્ને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. લગ્નનો વાયદો કરનાર યુવાને અન્ય યુવતી સાથે સગપણ કરી પ્રેમિકાને લગ્નનો ઈન્કાર કરી દીધો હતો. જેથી પ્રેમિકાને માઠુ લાગતાં ફિનાઈલ પી લીધું હતું. યુવતીને ઝેરી અસર થતાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, શહેરમાં નવલનગર વિસ્તારમાં રહેતી અને અકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતી ૨૫ વર્ષની યુવતી પોતાના ઘરે હતી ત્યારે

યુવતીને ઝેરી રાત્રીનાં દસેક વાગ્યાના અરસામાં અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરતાં માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પુછપરછમાં ફીનાઈલ પી લેનાર યુવતી કોલેજમાં અભ્યાસ કરતી હતી

ત્યારે અભ્યાસ સહથે સાથે કરતાં માહિત ત સાથે આંખ મળી જતાં બન્ને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. પ્રેમિ મોહિત ધાનાણી લગ્નનો વાયદો કરતાં બન્ને ત્રણ વર્ષ સુધી પ્રેમ સંબંધમાં જોડાયા હતાં. અચાનક પ્રેમિએ લગ્નનો ઈન્કાર કરી અન્ય યુવતી સાથે સગપણ કરી લેતાં પ્રેમિકાએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે માલવીયાનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કાલે રાજકોટ ઈલેટ્રોનીક ટ્રેડ એસો. દ્વારા વિદ્યાર્થી સત્કાર સમારંભ અને સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ ઈલેટ્રોનીક ટ્રેડ એસો. દ્વારા વર્ષ ૨૦૨૫માં વિદ્યાર્થી સત્કાર સમારંભ, સરસ્વતી સન્માન કાર્યક્રમની મીટીંગ મોટેલ ધ વિલેઝ એમટીવી કાલાવડ રોડ ખાતે તા.૨૪-૮-૨૦૨૫ના રોજ રાખેલ છે. દર વર્ષની પ્રણાલીકા પ્રમાણે છઊિઝઅ પરીવારનાં બાળકોને અભ્યાસમાં રસ-રૂચી કેળવાય તથા ટેલેન્ટેડ સ્ટુડેન્ટને મોટીવેશન મળે તે હેતુથી દર વર્ષની માફક ધો.૧થી ૧૨ના પ્રથમ, દ્રિતીય, તૃતીય ક્રમે આવેલા વિદ્યાર્થીઓને શીલ્ડ તથા સર્ટીફિકેટથી સન્માનીત કરવામાં આવે છે. બાકીના વિદ્યાર્થીઓને ગીફટ તથા સર્ટીફિકેટ આપીને સન્માનીત કરવામાં આવે છે. આ સંસ્થા ૪૮ વર્ષથી કાર્યરત છે. દર વર્ષે અલગ-અલગ પ્રોગ્રામ, ફેમેલી સાથે પ્રવાસ તથા ઈલેટ્રોનીક ડિઝીટલને લગતા સેમીનાર યોજવામાં આવે છે.

બ્લડ ડોનેશન કેમ્પ પણ કરવામાં આવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ રસીકભાઇ પોકળ તથા મંત્રી મનોજભાઇ પરમાર, કારોબારીના સભ્ય ગોરધનભાઇ રાક, હરેશભાઇ રૈયાણી, ધર્મેશભાઇ અજાણી, મનીષભાઇ રીબડીયા, મુકેશભાઇ લુણાગરીયા, જયેશભાઇ ભટ્ટ સહિતના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# જામનગર-ખંભાળિયા હાઇ-વે પર અકસ્માતઃ યુવાનનું મોત, બે ઘાયલ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર મોટી ખાવડી ગામના પાટિયા પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક ખાનગી લક્ઝરી બસે બોલેરો પીકઅપ વેનને પાછળથી ટક્કર મારતા બોલેરોમાં સવાર એક યુવાનનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે થાયલ થયા હતા. અકસ્માત સવારે ૮૩૦ વાગ્યાની આસપાસ બન્યો હતો. મૃતક યુવાનની ઓળખ મોટી ખાવડી ગામના ૩૬ વર્ષી ય જીતેન્દ્ર નાથાભાઈ તરીકે થઈ છે. જ્યારે ઈજાગ્રસ્ત દીપક ચંદુભાઈ અને રાહુલભાઈ ચંદ્રવડિયાને તાત્કાલિક સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે વાહનવ્યવહાર ખોરવાયો હતો અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ પડાણા પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ કિરીટભાઈ બાબરીયા અને રાઈટર કિરણભાઈ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે વાહનવ્યવહારને પૂર્વવત્? કર્યો હતો અને અકસ્માત સર્જી ભાગી ગયેલા બસ ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# વેલનાથપરામાં ગૃહકલેશથી પત્ની ઘરેથી જતી રહેતા પતિનો ગળેફાંસો ખાઈ આપઘાત

### લાપતા પત્નીને શોધવા નીકળ્યા બાદ પણ પતો નહિ મળતા જીવન ટૂંકાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મોરબી રોડ પર વેલનાથપરા રહેતા દંપતિ વચ્ચે કજિયો થતા પત્ની ઘરેથી નીકળી ગઈ હતી. જેથી પતિ તેને શોધવા નીકળ્યો હતો. પરંતુ પત્ની મળી ન આવતા પતિએ ઘરે આવી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ નં.૨/૪૪માં રહેતા જયેશ હિરાભાઈ સારગાણી (ઉ.વ.૪૦) નામના યુવાને આજે સવારે પોતાના ઘરે રૂમાં એંગલ સાથે ટુવાલ બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા બિ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો ભાઈ એક બહેનમાં નાનો અને ટ્રક ડ્રાઈવિંગ કરતો હતો. આજે સવારે તેને પત્ની સાથે ઝઘડો થતા પત્નીની ઘરેથી નીકળી જવાનું કહ્યું હતુ જેથી પત્ની કયાંક જતી રહી હતી બાદમાં મૃતક જયેશ પત્નીને શોધવા નીકળ્યો હતો. પરંતુ પત્ની મળી ન આવતા તેણે ઘરે આવી આ પગલું ભરી લીધાનું જણવા મળ્યુ છે. આ બનાવથી પરિવારજનોમાં ગમગીની છ્વાઈ જવા પામી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સોહમનગરના યુવકનું અપહરણ કરી લૂંટ ચલાવીઃ પિતા પાસે ૪૦ લાખની ખંડણી માંગનાર બેલડી ઝડપાઇ

### ક્રાઇમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે અમદાવાદ સાબરમતી રેલ્વે સ્ટેશન પાસેથી શખ્સોને દબોચી લીધા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર આવેલા સોહમનગરમાં રહેતા યુવકને મળવા બોલાવી પોતાની જ કારમાં અપહરણ કરી ખંઢેરી પાસે લઇ જઇ બેફામ માર મારી ૪.૬૫ લાખના દાગીના-મોબાઇલ અને કારની લૂંટ ચલાવી યુવકના પિતાને ફોન કરી રૂ.૪૦ લાખની ખંડણી માંગનાર ત્રણ શખ્સો પૈકી બે શખ્સોને ક્રાઇમ બ્રાન્ચની ટીમે અમદાવાદ સાબરમતી રેલ્વે સ્ટેશન પાસેથી દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મોરબી રોડ પર સોહમનગર સોસાયટીમાં રહેતો અને યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર એન્જીનીયરીંગનો અભ્યાસ કરતો રણધીર રૂપેશભાઇ કટારીયા નામના યુવકે ગઇ તા.૧૩-૮-૨૫ના બી-ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે કે, અગાઉ તેની સોસાયટીમાં રહેતો અને હાલ જુના મોરબી રોડ પર ગણેશનગરમાં રહેતો મનીષ ઉર્ફે મોહીત ચમન ગોહેલએ તેને મળવા બોલાવ્યો હતો. યુવક પોતાની ફોકસ વેગન કાર નંબર જીજે૩પીએ૧૭૫૦ નંબરની લઇ મળવા ગયો હતો ત્યારે મનીષ ઉર્ફે મોહિત અને તેની સાથે ચામડીયાપરાનો અલબાઝ ઉર્ફે રહીસ મોહમ્મદ ભાડુલા અને એક અજાણ્યો શખ્સ સહિત ત્રણેય શખ્સો કારમાં બેસી ગયા હતા અને યુવકને વાતુ કરાવી ખંઢેરી પાસે એમ્સ હોસ્પિટલ જવાના રસ્તે લઇ ગયા હતા અને ત્યાં અવાવરૂ જગ્યાએ ગાડી ઉભી રાખી આ ત્રણેય શખ્સોએ ઉંધી છરીના ઘા મારી તથા ઢીકાપાટુનો માર મારી ગંભીર ઇજાઓ કરી હતી અને આ ત્રણેય શખ્સોએ સોનાની ત્રણ વીટી, મગ માળા, એપલ ફોન અને કાર સહિત રૂ.૪.૬૫ લાખની લૂંટ કરી હતી. બાદમાં યુવકના પિતાને ફોન કરી સાયબર ક્રાઇમના અધિકારી હોવાની ખોટી ઓળખ આપી રૂ.૪૦ લાખની ખંડણી માંગી હતી. તે દરમ્યાન યુવાન એનકેન પ્રકારે આ લૂંટારૂઓના સકંજામાં છકટી અવાવરૂ જારીજાકડામાં સંતાઇ ગયો હતો. ત્યારબાદ સવારે અજાણ્યા માણસના નંબર પરથી તેના પિતાને ફોન કરતા તેઓ પુત્રને લેવા આવ્યા હતા અને સારવારમાં ખસેડી બી-ડિવિઝન પોલીસ સ્ટેશને આ ત્રણેય શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી.

અપહરણ-લૂંટ અને મારમારી સાયબર ક્રાઇમના અધિકારીની ખોટી ઓળખ આપી રૂ.૪૦ લાખની ખંડણી માંગવાના આ બનાવની ગંભીરતાને ધ્યાને લઇ આરોપીઓને ઝડપી લેવા ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ વી.ડી.ડોડિયા, હેડ કોન્સ. દિપકભાઇ, રાજેશભાઇ અને કોન્સ. વિશાલભાઇ સહિતના સ્ટાફે આ ત્રણેય લૂંટારૂઓની શોધખોળ શરૂ કરી હતી તે દરમ્યાન મનીષ ઉર્ફે મોહિત અને અરબાઝ ઉર્ફે રહીશ નામના બન્ને શખ્સો અમદાવાદ સાબરમતી રેલ્વે સ્ટેશન ખાતે હોવાની હકિકત મળતા ક્રાઇમ બ્રાન્ચની ટીમે આ બન્ને લૂંટારૂઓને દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી છે.

# માધાપર ચોકડી પાસે દારૂના નશામાં જીન્નાત કાઢવાનું કહી ધુણતા ભુવાને ત્રિપુટીએ માર માર્યો

### ડીંગલ કરતા ભુવાને નશાની હાલતમાં સારવારમાં ખસેડતા સિવિલ હોસ્પિટલે ધમાચકડી મચાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના માધાપર ચોકડી પાસે દારૂના નશામાં જીન્નાત કાઢવાનુ કહી ધુણતા કહેવાતા ભૂવાને અજાણયા ત્રણ શખ્સોએ ધોકા વડે મારમારી ઢીબી નાખતા તેને સારવા માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે નશાની હાલતમા તેણે સિવિલ હોસ્ટિપલનો વોર્ડ પણ માથે લીધો હોય તેમ ધમાચકડી મચાવી હતી.



જાણવા મળતી વિગત મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બાલાજી હોલ પાસે રહેતો શૈલેષ દિલીપભાઈ સોલંકી (ઉ.વ.૩૬) સવારે ૯ વાગ્યે માધાપર ચોકડી પાસે પેટ્રોલપંપની સામે હતો ત્યારે અજણાયા ત્રણ શખ્સોએ લાકડાના ધોકા વડે મારમારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં શૈલેષ રિક્ષા ચાલક છે. અને પોતે મેલડીમાનો ભુવો હોવાનું જણાવતો હતો.

તેના મિત્રએ કહેલુ કે, મારી બહેનને જીન્નત આવે છે. જેથી કહેવાતો ભુવો શૈલેષ માધાપર ચોકડી પાસે લીબડા નજીક જીન્નાત કાઢવાનુ કહી દારૂના નશામાં ધુણતો હોય જેથી અજાણયા શખ્સોએ આવી ધોકા વડે મારમાર્યો હતો. તેને સિવિલમાં લાવવામાં આવ્યો ત્યારે પણ તે નશાની હાલતમાં હોય વોર્ડમાં ડિંગલ ચાલુ કર્યા હતા. સ્ટાફ દ્વારા તેના બંને પગ પલગ સાથે બાંધી દેવામાં આવ્યા હોવા છતાં બકવાસ કરી વોર્ડ માથે લીધો હતો. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી યુનિ. પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.

# જેતપુરના ગોંડલ દરવાજા પાસે રહેણાંક મકાનમાં ધમધમતી જુગાર કલબ ઝડપાઇ

### ગ્રામ્ય એલસીબીની ટીમે આઠ શખ્સોને દબોચી લઇ રૂ.૧.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યોઃ ગઢડા ગામે જુગાર રમતા ૧૦ પત્તાપ્રેમીની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરમાં ગ્રામ્ય એલસીબીની ટીમે દરોડો પાડી રહેણાંક મકાનમાં ચાલતી જુગાર કલબ ઝડપી લઇ રૂ.૧.૫૨ લાખના મુદ્દામાલ સાથે આઠ શખ્સોની ધરપકડ કરવામાં આવતા જુગારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહિલ, પીએસઆઇ આર.બી.ભીમાણી, હેડ કોન્સ. રાજુભાઇ, નિલેશભાઇ, દિવ્યેશભાઇ સહિતનો સ્ટાફ જેતપુર સીટી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, નૂરસિંહ મંદિર પાસે પાવૈયા શેરી ગોંડલ દરવાજામાં રહેતો નિલદિપસિંહ હિતેન્દ્રસિંહ રાઠોડ નામનો શખ્સ બારથી માણસો બોલાવી પોતાના આર્થીક ફાયદા માટે જુગારનો અખાડો ચલાવતો હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા જુગાર રમતો નિલદિપસિંહ રાઠોડ, મનીષ ગીરીશ વીશાવેલીયા, અશરફ બાબુ પરમાર, મેહુલ મુકેશ પરમાર, મોહિત દામજી ભાલાળા, જયદિપ ગોરધન મકવાણા, વિજયસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ, બીલાલ શમશુદિન શૈખ સહિત આઠ શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૭૨૯૫૦ તથા ૭ મોબાઇલ મળી કુલ રૂ.૧.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જયારે બીજા દરોડામાં ભાયાવદર પોલીસ સ્ટેશનના પીઆઇ વી.સી.પરમાર, હેડ કોન્સ. કુલદીપસિંહ, મહેશભાઇ સહિતના સ્ટાફે પેટ્રોલિંગ દરમ્યાન ગઢડા ગામે ગ્રામ પંચાયતની ઓફિસની બાજુમાં જાહેરમાં જુગાર રમતો ગોવિંદ ઓઘડ ઉટડીયા, કનુ ખીમા ગલ, દિગ્વીજયસિંહ ભરતસિંહ ચુડાસમા, હરદેવસિંહ નાથુભા ચુડાસમા, ખીમજી જેતસિં ઉટડીયા, જયદિપસિંહ અજીતસિંહ ચાવડા, રાજેશ શીદા ઉટડીયા, પરેશ રાજા ઉટડીયા, વિક્રમ બોદા પંપાણીયા, રમેશ મેણસિં ડેર સહિત ૧૦ પત્તાપ્રેમીઓને દબોચી લઇ રોકાડા રૂ.૨૦૪૭૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# પડધરીમાં હરીપર ખારી રોડ ઉપરના દબાણો હટાવતા મામલતદાર

### ૧૪ આસામીઓએ સરકારી ખરાબાની જમીન ઉપર ખેતી શરૂ કરી ઈરીગેશન પોઇન્ટ સુધી જવાનો રસ્તો બંધ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના પડધરી ખાતે હરીપર ખારી ગામ જવાના રસ્તે ૧૪ આસામીઓએ સરકારી ખરાબાની જમીન ઉપર ખેતી શરૂ કરી દઈ ડોંડી નદીના કાંઠે આવેલા ખેડૂતોના કાયદેસરના ઈરીગેશન પોઈન્ટ ઉપર જવાનો રસ્તો બંધ કરી દાદાગીરી શરૂ કરતા પડધરી મામલતદાર દ્વારા તમામ ૧૪ દબાણકારો વિરુદ્ધ દબાણ કેસ ચલાવી અંદાજે ૫ કરોડની કિંમતની ૫ એકર જેટલી રસ્તાની જમીન ખુલ્લી કરાવી આગામી દિવસોમાં તમામ ખેતી વિષયક દબાણ દૂર કરવા કાર્યવાહી શરૂ કરી છે.



આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ પડધરી ગામના જુના રેવન્યુ સર્વે નંબર ૪૨૩ અને નવા સર્વે નંબર ૧૦૪ની કુલ ૪૭ હેકટરથી વધુ સરકારી ખરાબાની જમીનમાં પડધરી ગામના જુદા-જુદા ૧૪ જેટલા આસામીઓએ ખેતી વિષયક દબાણ કરી લેવાની સાથે ડોંડી નદીના કાંઠે આવેલા અલગ અલગ ખેડૂતોના ઈરીગેશન પોઈન્ટ ઉપર જવાનો રસ્તો તેમજ ગૌચરનો રસ્તો બંધ કરી દેવામાં આવતા ખેડૂતો દ્વારા પડધરી મામલતદારને ફરિયાદ કરવામાં આવતા પડધરી મામલતદાર કેતનભાઈ સખિયાએ તમામ દબાણકર્તાઓ વિરુદ્ધ દબાણ કેસ ચલાવી દંડ ફટકરતો હુકમ કર્યો હતો. સાથે જ આ દબાણ કરનારાઓએ ઈરીગેશન અને ગૌચરનો રસ્તો બંધ કરી દીધો હોવાથી મામલતદાર દ્વારા અંદાજે પાંચ કરોડની કિંમતની ૧૫૦૦૦થી ૨૦૦૦૦ ચોરસમીટર જમીન ખુલ્લી કરવતા દબાણકારોમાં ફફડાટ મચી ગયો છે. મામલતદાર સખિયાએ જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં જ ખેતીના દબાણો પણ હટાવવામાં આવશે.

# અગ્નિકાંડ કેસમાં ફરી મુદત પડી ૪ સપ્ટેમ્બરે તબીબોની લેવાશે જુબાની

### ટીપીઓ જયદીપ ચૌધરીએ મુદ્દત અરજી મુક્તા કોર્ટનો ચૂકાદો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતને હચમચાવતી ગોઝારી અગ્નિકાંડ દુર્ઘટનાના કેસમાં જુબાની આપવા હાજર થયેલા ત્રણ તબીબી જુવાની લેવાય તે પહેલા જ કેસના એક આરોપીએ કોર્ટમા મુદત અરજી આપતા અદાલતે આ કેસની વધુ સુનાવણી આગામી તા.૪ સપ્ટેમ્બર ઉપર મુલતવી રાખી છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં ગત તા.૨૫/૫/૨૦૨૪ની સાંજે આગ લાગતા ૨૭લોકો જીવતા ભડથું થઈ ગયા હતા. અને ત્રણેક લોકોને ઇજા થઈ હતી. જે અંગે પોલીસ ફરિયાદી બની તાલુકા પોલીસ મથકમાં આઈપીસી ૩૦૪, ૩૦૮, ૩૩૭, ૩૩૮, ૩૬, ૪૬, ૪૬૬, ૪૭૧, ૪૭૪, ૨૦૧, ૧૨૦બી, ૧૧૪ મુજબ ટીઆરપી ગેમઝોનના સંચાલકો, ભાગીદારો ખેડૂત, ગેમઝોન મેનેજર, મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર, આસિસ્ટન્ટ ટીપીઓ, ફાયર સ્ટેશન ઓફિસર, એન્જીનીયર સહિત૧૬ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. અગ્નિકાંડની ઘટનામાં પ્રકાશચંદ હીરનનું મોત થયું હતું. જેથી ૧૫ આરોપીની ધરપકડ કરી તમામ આરોપી સામેની તપાસ પૂરી થતાં કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવ્યું હતું બાદમાં આ કેસ સેશન્સ ટ્રાયેબલ હોય સેશન્સ કોર્ટમાં કમિટ કરવામાં આવતા કોર્ટમાં કેસ શરૂ થયો હતો. આજે મૃતકોનું પીએમ કરવાની કાર્યવાહી કરનાર ત્રણ તબીબી સાહેદોના સમન્સના આધારે જુબાની આપવા માટે કોર્ટ સમક્ષ હાજર થયા હતા પરંતુ આરોપી પૈકીના એક આરોપી જયદીપ ચૌધરીએ કોર્ટમાં મુદત રિપોર્ટ આપતા અદાલતે આરોપીની મુદત અરજી મંજૂર કરતા વધુ સુનાવણી આગામી તા.૪ સપ્ટેમ્બર ઉપર મુલતવી રાખવામાં આવી છે.

આ કેસમાં સરકાર પક્ષે સ્પેશિયલ પીપી તુષાર ગોકાણી, એડિશનલ સ્પે. પીપી નિતેશ કથીરિયા, પીડિત પરિવાર વતી એડવોકેટ સુરેશ ફળદુ અને એના નરેન્દ્રસિંહ જાડેજા રોકાયા હતા.

# ગોપાલ ચોક પાસે જુના ભાડુઆત દંપતી ઉપર મકાન માલિક સહિતના શખ્સોનો હુમલો

### હુમલાખોર શખ્સે અગાઉ પરિણીતાની છેડતી કરતાં થયેલા ઝઘડાનો ખાર રાખી માર માર્યાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સાધુવાસવાણી રોડ પર આવેલ ગોપાલ ચોકમાં મધરાત્રે સોડા પીવા નીકળેલા દંપતિ સાથે જુના ભાડુઆતે ઝઘડો કરી હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા દંપતિને સારવાર માટે ખસેડવામાં આવ્યું હતું. અગાઉ જુના મકાન માલિકે ભાડુઆત મહિલાની છેડતી કરી હોવા મુદ્દે થયેલા ડખ્ખાનો ખાર રાખી હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, શહેરમાં સાધુવાસવાણી રોડ પર ગોપાલ ચોક પાસે રહેતા આશાબેન રોહિતભાઈ રાઠોડ (ઉ.૩૫) અને તેમના પતિ રોહિતભાઈ રાજુભાઈ રાઠોડ (ઉ.૩૭) રાત્રીનાં બારેક વાગ્યાના અરસામાં સોડા પીવા માટે ગોપાલ ચોકમાંથી જઈ રહ્યાં હતાં. ત્યારે ગોવિંદ ભરવાડ સહિતના શખ્સોએ આવી ઝઘડો કરી ધોકા વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા દંપતિને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.

પ્રાથમિક પુછપરછમાં ઈજાગ્રસ્ત દંપતિ અગાઉ હુમલાખોર ગોવિંદ ભરવાડના મકાનમાં ભાડે રહેતાં હતાં. ત્યારે ગોવિંદ ભરવાડે આશાબેન રાઠોડની છેડતી કરી હતી. જે મુદ્દે મકાન માલીક અને ભાડુઆત વચ્ચે વેરના બીજ રોપાયા હતાં. જેનો ખાર રાખી જુના મકાન માલિકે ગઈકાલે દંપતિ ઉપર હુમલો કરી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# માંડાડુંગર પાસે ઉછીનાં આપેલા રૂ.૫૦૦ની ઉઘરાણી કરતા ફુવા ઉપર ભત્રીજા સહિતનાનો હુમલો

### માટી મુદ્દે વૃદ્ધ ભાઈને સગી બહેને લાકડી વડે માર માર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આજી ડેમ ચોકડી પાસે ૨૫ વારીયામાં રહેતો યુવાન માંડાડુંગર પાસે હતો ત્યારે ઉછીના આપેલા રૂપિયા ૫૦૦ની ઉઘરાણી કરતાં સાળાના પુત્ર સહિત બે શખ્સોએ ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સીવીલ હોસ્પિટલ ખાત દોડી ગયો છુ. પલજાગ્રસ્ત યુવકનું આ અંગે ની



જાણવા મળતી વિગત મુજબ, આજી ડેમ ચોકડી પાસે ૨૫ વારીયામાં રહેતાં ઈતિત્યઝ ઈઝામભાઈ શાહમદાર નામનો ૪૦ વર્ષનો યુવાન બપોરના ચારેક વાગ્યાના અરસામાં માંડાડુંગર પાસે હતો ત્યારે સાળાના પુત્ર સંજય અને સંજયના બનાવીએ ઝઘડો કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં ઈમ્તિયાઝ શાહમદારે મુન્નીબેન સાથે પ્રેમ લગ્ન કર્યા છે અને મુન્નીબેનના ભત્રીજા સંજયને રૂા.૫૦૦ આપ્યા હતાં. જે રૂપિયાની ઉઘરાણી કરતાં હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

બીજા બનાવમાં ગાંધીગ્રામ વિસ્તારમાં જીવંતિકાનગરમાં નિલેશભાઈ આવેલા રહેતાં મુળજીભાઈ નડિયાપરા (ઉ.૬૨) પોતાના ઘર પાસે હતાં ત્યારે તેની સગી બહેન નિતાબેને માટી મુદ્દે ઝઘડો કરી લાકડી વડે માર માર્યો હતો. વૃધ્ધને ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં હાઈકોર્ટની બેંચ માટે સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લા-તાલુકા એસો.ના પ્રમુખોની કાલે મીટિંગ

### એક્સન કમિટિ આગામી દીવસોમાં કાર્યક્રમો આપશેઃ હાઈકોર્ટની બેંચની લડતને વેગ મળશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ બાર એસોસીએશનના હોદેદારો અને સીનીયર ધારાશાસ્ત્રીઓની હાઈકોર્ટ બેંચ માટે કોન્ફરન્સ હોલમાં બેઠક મળી હતી. જેમાં હાઈકોર્ટ બેંચનો મુદ્દો સૌરાષ્ટ લેવલનો હોય, ફક્ત રાજકોટનો નહીં, સૌરાષ્ટ-કચ્છના તમામ વકિલોને જોડી અને હાઈકોર્ટ બેંચ માટે લડતનું એલાન કર્યુ હતુ.

બાર એસોસીએશનના હોદેદારોએ મીંટીંગમાં હાજર રહી સિનીયરોની એકસ કમિટીના ૨૫ થી વધુ સિનીયર ધારાશાસ્ત્રીઓ હાજર રહેલા અને આ મીંટીંગમાં કોઈપણ સંજોગોમાં રાજકોટને હાઈકોર્ટ બેંચ મળે તે માટે આંદોલનનું રણશિંગુ ફુંકી દીધું હતુ. રાજકોટના વકિલો લડતના માર્ગે નીકળી અને આગામી દીવસોમાં લડત માટેની કાર્યવાહી માટે વિચાર વિમર્સ કરેલ હતા.

આ મીંટીંગ રાજકોટ બાર તથા સિનીયરો દ્વારા રાજકોટ આત્મીય કોલેજ, કાલાવડ રોડ ખાતે સૌરાષ્ટ-કચ્છની તમામ બાર એસોસીયેશન તાલુકા અને જીલ્લાના એક કુલ મળી ૮૦ થી વધુ પ્રમુખ, મહામંત્રીને રાજકોટમાં હાઈકોર્ટ બેંચ મળે તે માટે તમામ બારના મંતવ્યો, વિચાર વિમર્સ અને આગામી દીવસોમાં કેવા પ્રકારની લડત માટેના અને હડતાલ માટેના કાર્યક્રમ આપવા તે સંબંધે આવતી કાલે સવારે ૧૦૩૦ કલાકે એક્સન કમીટીનું આયોજન કરવામાં આવેલું છે અને આ મીટીંગમાં હાઈકોર્ટ બેંચ મેળવવા માટે આગામી લડત માટેની તૈયારીઓ સંબંધેની માર્ગદર્શીકા નકિક થાશે તેમ આજની મીટીંગમાં સૌની અનુમતી નકિક થયેલ હતી.

આ વર્ષ વકિલો હાઈકોર્ટ બેંચ માટે એકજુથ થઈ અને લડત મુડમાં હોય તેમ લાગી રહેલુ છે અને રાજકોટ બેંચે મળે તે માટે ઉચ્ચા સંજોગો હોય, રાજકોટને હાઈકોર્ટ બેંચ મળે તે માટે તમામ પ્રયત્નો કરવા એ એકસન કમીટીની તમામ બાર એસોસીયેશન મળી રચના થશે અને આગામી કાર્યક્રમોમાં આ એકસન કમીટી નકિક કરે તે મુજબના કાર્યક્રમ કરવામાં આવશે તેમ પ્રમુખ પરેશભાઈ મારૂએ જણાવેલ છે.

# સગીરાના અપહરણ-દુષ્કર્મના ગુનામાં આરોપીની જામીન અરજી ફગાવતી કોર્ટ

### પોકસો એકટના ગુનામાં આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો' તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં જેલ હવાલે રહેલા આરોપીની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે.

આ કેસની હકીકત મુજબ ઘંટેશ્વર વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીરાનું દોઢસો ફૂટ રીંગ રોડ ખોડીયાર નગરમાં રહેતો દર્શન ચંદુભાઈ મકવાણા નામનો શખ્સ તા.૪-૭-૨૦૨૫ નારોજ અપહરણ કરી અલગ અલગ જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચરેલ હોવાનો ગુનો ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે આરોપી દર્શન ચંદુભાઈ મકવાણા ની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જેલમાં રહેલા દર્શન ચંદુભાઈ મકવાણાએ જામીન ઉપર છૂટવા પોકસો અદાલતમાં રેગ્યુલર જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલા અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલી કે આરોપી સામે સમાજ વિરોધી ગંભીર પ્રકારનો ગુનો છે સગીરાની ઉંમર માત્ર ૧૫ વર્ષની જ હોય તેને લલચાવી ફોસલાવી તેણીનું અપહરણ કરી આરોપીએ અલગ અલગ જગ્યાએ લઈ જઈ અને આરોપીએ ૧૫ વર્ષની સગીરાને ઘણા દિવસ સુધી તેની સાથે રાખી તેણીની ઉપર દુષ્કર્મ આચરેલ હોય આવા ગંભીર ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં જો તેને જામીન આપવામાં આવશે તો ફરી આવા ગુના કરશે તે રજૂઆત ને ધ્યાને લઈ પોકસો અદાલતના સેશન્સ જજ ટી. એસ બ્રહ્મભટ્ટે દર્શન ચંદુભાઈ મકવાણાની રેગ્યુલર જામીન અરજી રદ કરેલ છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા

# વૃક્ષ ધરાશાયી થતા રિક્ષા અને કારમાં થયું નુકસાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી ઝરમરથી લઈને ભારે વરસાદ વરસી રહ્યો છે અને પવન પણ આવતો હોય શહેરમાં કેટલાક વિસ્તારોમાં વર્ષો જુના વૃક્ષોને ભારે અસર થઈ છે ત્યારે પોલીસ હેડકવાટર નજીક પણ વર્ષો જુના ઘણા વૃક્ષો આવેલા છે. આજે સવારે વરસાદ પડતા રેસકોર્ષ પોલીસ હેડ કવાટરથી રૂડા બિલ્ડીંગ તરફ જતા રોડ પર એક મહાકાય વૃક્ષ ધરાશાય થયું હતું. જેમાં ઝાડ પડતા ત્યાંથી પસાર થતી સ્વીફટ કાર અને રિક્ષા પર આ ઝાડ પડયું હતું. જેમાં કારને ઓછુ નુકસાન થયું છે. જયારે રિક્ષાનો બુકડો બોલી ગયો હતો. જ કે સદનશીબે આ ઘટનામાં કોઈ જાનહાની નહીં થતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. આ બનાવ બનતા રસ્તા પર વાહન વ્યવહાર થંભી જતા ટ્રાફિક સર્જાયો હતો. જો કે ઘટનાની



જાણ થતા પોલીસ સહીતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને રસ્તા પરના ઝાડને દુર કરવાની કામગીરી કરી વાહન વ્યવહાર પૂર્વરત કરાયો હતો. આ બનાવ બનતા લોકો પણ ભયમાં મુકાઈ ગયા છે અને શહેરમાં આવા વર્ષો જુના વૃક્ષો અને બિલ્ડીંગોની ઓળખ કરી યોગ્ય કરવા માટેની માંગણી કરી હતી.

# હિરાસર એરપોર્ટ રોડ પર કારમાં ૨૪ બોટલ દારૂ સાથે બે શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલ હિરાસર એરપોર્ટ રોડ પર એએસઆઇ ગણપતભાઇ રાઠવા, કોન્સ. કિર્તિરાજસિંહ સોલંકી સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે રેનોલ્ડ કાર નંબર જીજે૩જેએલ૪૪૮ નંબરની કારમાં બે શખ્સો શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે કારને અટકાવી તલાસી લેતા તેમાંથી રોયલ સ્ટગની ૨૪ બોટલ કિંમત રૂ.૩૬ હજારનો જથ્થો મળી આવતા કાર ચાલક જેન્તી ધુધા જાબુકીયા (રહે. મનહરપુર-૧, માધાપર ચોકડી, મુળ ગામ મધરીકડા, તા.ચોટીલા) અને નવઘણ સુખા બારૈયા (રહે. ઘંટેશ્વર, માધાપર ગામ) નામના બન્ને શખ્સોને દબોચી લઇ કાર સહિત રૂ.૨.૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.